CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ ઓગસ્ટ ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ એકાદસી સામાન્ય

વર્ષ : ૧૫
અંક : ૩૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદી ગ્રીસથી સીધા બેંગલુરૂ જઈને ઈસરોના વૈજ્ઞાનિકોને મળ્યા

# ઈસરો મેક ઈન ઈન્ડિયાને ચંદ્ર પર લઈ ગયું : નરેન્દ્ર મોદી

## મોદીએ ચંદ્રયાન-૩ મિશનનું લેન્ડર જ્યાં ઉતર્યું હતું તે જગ્યાને શિવ શક્તિ નામ આપ્યું, ૨૩ ઓગસ્ટનો દિવસ હવે નેશનલ સ્પેસ ડે તરીકે ઉજવાશે



। બેંગલુરૂ, તા.૨૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે બેંગલુરૂમાં ઈસરોના વૈજ્ઞાનિકોને મળ્યા હતા અને ચંદ્રયાન-૩ મિશનની સફળતા માટે તેમને અભિનંદન પાઠવ્યા હતા. ઈસરોના ચેરમેન એસ સોમનાથ વ્યક્તિગત રીતે વડાપ્રધાન મોદીને આવકારવા માટે ગયા હતા. વડાપ્રધાને સોમનાથની પીઠ થપથપાવી હતી અને બાદમાં તેમને ગળે લગાડ્યા હતા. વડાપ્રધાન મોદીએ બાદમાં ઈસરોના વૈજ્ઞાનિકોને સંબોધિત કર્યા હતા અને આ દરમિયાન તેઓ ભાવુક પણ બન્યા હતા. તેમણે ચંદ્રયાન-૩ની ટીમની પ્રતિબદ્ધતા અને પ્રયાસો માટે તેમની પ્રશંસા કરી હતી. આ સાથે જ વડાપ્રધાન મોદીએ ચંદ્રયાન-૩ મિશનનું લેન્ડર જ્યાં ઉતર્યું હતું તે જગ્યાને 'શિવ શક્તિ' નામ આપ્યું હતું. આ સાથે જ તેમણે તે પણ જાહેરાત કરી હતી કે ૨૩ ઓગસ્ટનો દિવસ હવે 'નેશનલ સ્પેસ ડે' તરીકે ઉજવવામાં આવશે. ઈસરોના વૈજ્ઞાનિકોને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આજે હું એક અલગ જ ખુશીની લાગણી અનુભવી રહ્યો છું કેમ કે આવો પ્રસંગ ક્યારેક જ આવતો હોય છે. આ વખતે હું સાઉથ આફ્રિકામાં હતો પ રંતુ મારૂં મન તમારી સાથે હતું. હું તમને શક્ય તેટલી જલદી મળવા ઈચ્છતો હતો. હું તમને સલામ કરું છું, તમારા પ્રયાસોને સલામ કરું છું. તમે મેક ઈન ઈન્ડિયાને ચંદ્ર પર લઈ ગયા છો. તમે ભારતને જે ઊંચાઈએ લઈ ગયો છો તે કોઈ સામાન્ય ઊંચાઈ નથી, આ કોઈ સાધારણ સફળતા નથી. હવે ભારત ચંદ્ર પર છે. આપણે આપણા દેશનો ગર્વ ચંદ્ર પર લઈ ગયા છીએ. આપણે ત્યાં ગયા છીએ જ્યાં કોઈ જઈ શક્યું નથી. આપણે તે કરી દેખાડ્યું છે જે અગાઉ કોઈ કરી શક્યું નથી, તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું. નોંધનીય છે કે ભારત પહેલા રશિયા, અમેરિકા અને ચીન ચંદ્ર પર પહોંચી ચૂક્યા છે પરંતુ ભારત ચંદ્રના સાઉથ પોલ એટલે કે દક્ષિમ ધ્રુવ પર પહોંચનારો પ્રથમ દેશ બન્યો છે. વડાપ્રધાન મોદીએ તે પણ જાહેરાત કરી હતી કે ૨૦૧૯માં ચંદ્ર પર જ્યાં ચંદ્રયાન-૨એ પોતાની છાપ છોડી હતી તે પોઈન્ટને 'તિરંગા' કહેવામાં આવશે. અગાઉ ૨૦૧૯માં ભારતે ચંદ્રયાન-૨ મિશન દ્વારા ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડિગં કરવાનો પ્રયાસ કર્યો હતો.

### વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપને લઈને ભારે ઉત્તેજના, લોકોને ટિકિટ બુક કરાવવામાં ભારે મુશ્કેલીઓ પડી

# વર્લ્ડ કપ ક્રિકેટની ટિકિટ વેચાણની વેબસાઈટ પહેલા દિવસે જ ક્રેશ

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારત દ્વારા યોજાનારી ક્રિકેટની મેગા-ઈવેન્ટ વનડે વર્લ્ડ કપ પમી ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહી છે. આ પહેલીવાર છે જ્યારે સમગ્ર વિશ્વકપનું આયોજન ભારતમાં થવા જઈ રહ્યું છે. બીસીસીઆઈઆ મેગા ઈવેન્ટ માટે જોરદાર તૈયારીઓ કરી છે. વર્લ્ડ કપની ટિકિટો પણ વેચાઈ ગઈ છે, પરંતુ ભારે ટ્રાફિકને કારણે ઓફિશિયલ વેબસાઈટ પહેલા જ દિવસે ક્રેશ થઈ ગઈ હતી. જેના કારણે ક્રિકેટ ચાહકોને ટિકિટ બુક કરાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પ ડ્યો હતો.



વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ટિકિટોનું વેચાણ ખૂબ મોડું શરૂ થયું અને પહેલા જ દિવસે ક્રિકેટ ચાહકોને નિરાશ થવું પડ્યું હતું. જ્યારે હાલમાં એવી મેચોની ટિકિટોનું વેચાણ થઈ રહ્યું છે જેમાં ભારત નથી રમી રહ્યું. ચાહકોએ ફરિયાદ કરી કે જે એપ પર ટિકિટોની બુકિંગ કરવામાં આવી રહી છે તે એપ ગઈકાલે રાત્રે ૮ વાગે ટિકિટનું વેચાણ શરૂ થતાંની સાથે જ ક્રેશ થઈ ગઈ હતી.

ચાહકોએ કહ્યું કે જ્યારે એપ્લિકેશન ક્રેશ થઈ ત્યારે તે ખરેખર નિરાશાજનક હતું. સૌપ્રથમ તો ટિકિટનું વેચાણ મોડું શરૂ થયું અને હજુ સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર નથી. આનાથી બીસીસીઆઈઅને આઈસીસીની છબી ખરડાય છે. ચાહકોએ કહ્યું કે આ ત્યારે છે જ્યારે ભારતની મેચની ટિકિટોનું વેચાણ શરૂ નથી થયું, ખબર નથી કે જ્યારે ભારતના મેચોની ટિકિટો વેચાશે ત્યારે શું થશે? જણાવી દઈએ કે અડધા કલાક બાદ વેબસાઈટ પર ટિકિટનું બુકિંગ ફરી શરૂ થયું હતું. પરંતુ ત્યાં સુધીમાં ચાહકો ખુબ જ ગુસ્સે થયા હતા અને બીસીસીઆઈઅને આઈસીસીને સોશ્યલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવ્યા હતા.

### ડાઈરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનની કાર્યવાહી

# એર ઈન્ડિયાના આંતરિક સુરક્ષા ઓડિટમાં ખામીઓ પકડાઈ

### ડીજીસીએ દ્વારા ઓચિંતા જ નિરીક્ષણ કરાતા એરલાઈન્સે તમામ ૧૩ કેસમાં ફેક રિપોર્ટ તૈયાર કર્યા હોવાનું જણાયું

। નવી દિલ્હી, તા.૨૬ ।

ડાઈરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)ના સભ્યોની નિરીક્ષણ ટીમે એર ઈન્ડિયાના આંતરિક સુરક્ષા ઓડિટમાં ખામીઓ પકડી છે અને નિયામક આ મામલે તપાસ કરી રહ્યા છે. આ માહિતી ડીજીસીએના અધિકારીઓએ આપી હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ આ મામલે કહ્યું કે તમામ એરલાઈન્સ નિયામકો અને અન્ય એકમો દ્વારા નિયમિત સુરક્ષા ઓડિટ હેઠળ આવે છે. ડીજીસીએની ટીમે ૨૫ અને ૨૬ જુલાઈએ હરિયાણાના ગુરુગ્રામમાં એર ઈન્ડિયાના કાર્યાલયની મુલાકાત લીધી હતી. ડીજીસીએને સોંપ ાયેલા નિરીક્ષણ રિપોર્ટ અનુસાર એરલાઈન્સે



સંચાલનના જુદા જુદા ક્ષેત્રો જેમ કે કેબિન, નિરીક્ષણ, કાર્ગો, રેમ્પ અને લોડમાં નિયમિત સુરક્ષા બાબતોની તપાસ કરવાની હતી પણ ડીજીસીએદ્વારા ઓચિંતા જ નિરીક્ષણ કરવામાં આવતા જાણ થઈ કે એરલાઈન્સે તમામ ૧૩ કેસમાં ફેક રિપોર્ટ તૈયાર કર્યા હતા.

### નવી ટેકનોલોજી સાથે તાલમેલ રાખવા ક્વાયત

# આવકવેરા વિભાગ દ્વારા સુધારેલી વેબસાઈટ લોન્ચ


। નવી દિલ્હી, તા.૨૬ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)એ કરદાતાઓ માટે નવી ટેકનોલોજી સાથે તાલમેલ રાખવા માટે અને અનુભવને વધારવા આવકવેરા વિભાગની સુધારેલી વેબસાઈટ www.incometaxindia.gov.in લોન્ચ કરી છે. આ નવી વેબસાઈટ કરદાતાઓને નવી સુવિધાઓ જોડવાની સાથે મેગા મેનૂનો વિકલ્પ પણ આપશે, જે હેઠળ યુઝર્સને મેનુમાં જ ઘણા વિકલ્પો મળશે. નવી વેબસાઈટ મોબાઈલ રિસ્પોન્સિવ લેઆઉટ અનુસાર તૈયાર કરવામાં આવી છે. આવકવેરા વિભાગની સુધારેલી વેબસાઈટ યુઝર્સને વિવિધ કાયદાઓની તુલના કરવાની મંજૂરી આપે છે. આ સિવાય વધારાના અને નવા બટનો પણ રજૂ કરવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની સંશોધિત નેશનલ વેબસાઈટ www.incometaxindia.gov.inને ફ્રેન્ડલી ઈન્ટરફેસ, વેલ્યુ એડેડ સર્વિસ અને નવા મોડ્યુલો સાથે નવુ રુપ આપવામાં આવ્યું છે. ઉદયપુરમાં આવકવેરા નિર્દેશાલય દ્વારા આયોજિત 'ચિંતન શિવિર' ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)ના અધ્યક્ષ નીતિન ગુપ્તા દ્વારા નવી સુધારેલી વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી. આ વેબસાઈટ કર અને અન્ય સંબંધિત માહિતીના વ્યાપક ભંડાર તરીકે સેવા આપે છે. આ વેબસાઈટ ડાયરેક્ટ ટેક્સ કાયદાઓ, અન્ય સંબંધિત અધિનિયમો, નિયમો, આવકવેરા પરિપ ત્રો, તમામ ક્રોસ-રેફરન્સ્ડ, હાઈપરલિંક્ડ અને સૂચનાઓ સુધી પહોંચ પ્રદાન કરે છે.

## મહિલા શિક્ષિકાએ મુસ્લિમ વિદ્યાર્થીને થપ્પડ મરાવ્યા

। મુઝફ્ફરનગર, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરની એક ખાનગી શાળાનો શરમજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. શાળાની એક મહિલા શિક્ષક હિંદુ વિદ્યાર્થીઓને બોલાવીને સામે ઉભેલા મુસ્લિમ વિદ્યાર્થીને થપ્પડ મારવાનું કહી રહી છે. સાથે સાથે શિક્ષિકા મુસ્લિમ સમુદાયના વિદ્યાર્થી પર નફરતભરી ટીપ્પ ણી કરતી હોય એવું સાંભળવા મળે છે. આ વીડિયોને કારણે લોકોમાં રોષની લાગણી છે. બાળ અધિકાર સંસ્થાએ મહિલા શિક્ષક સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. પોલીસે મહિલા શિક્ષક સામે ગુનો નોંધી ઘટનાની તપાસ હાથ ધરી છે. મુઝફ્ફરનગર જીલ્લાના પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના ગુરુવારે મન્સૂર પુર પોલીસ સ્ટેશન હેઠળના ખુબ્બાપુર ગામમાં બની હતી. પોલીસ અને શિક્ષણ અધિકારીઓ બંને શિક્ષિકા તૃપ્તા ત્યાગી તેમજ તેની શાળા નેહા પબ્લિક સ્કૂલ સામે કાર્યવાહી કરવાની તાજવીજ હાથ ધરી છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, એઆઈએમઆઈએમનેતા અસદુદ્દીન ઓવૈસી, આરજેડીનેતા જયંત ચૌધરી સહિત અનેક વિપક્ષી નેતાઓએ આ મામલે આકરી પ્રતિક્રિયા આપી છે અને યોગી સરકાર પર નિશાન સાધ્યું છે.









## અભિનેતા સ્વતંત્ર ભારત તેના અજોડ નામ પાછળની વાર્તા કહે છે!

| અમદાવાદ, તા.૨૬ |

લોકપ્રિય મુવીઝ અને ટીવી શોઝમાં અભૂતપૂર્વ અભિનય માટે વિખ્યાત સ્વતંત્ર ભારતે એન્ડટીવી પર પારિવારિક ડ્રામા દૂસરી મામાં શમશેરા તરીકે નવીનતમ ભૂમિકા સાથે દર્શકોને ફરી એક વાર મોહિત કર્યા છે. એક મજેદાર ઈન્ટરવ્યુમાં તેઓ પાત્ર બનવા માટે તેના અભિગમ પર ચર્ચા કરવા સાથે પોતાના અજોડ નામ પાછળની વાર્તા કહેવા સાથે શમશેરાના વ્યક્તિત્વમાં વૈવિધ્યપૂર્ણ અને અસલ ગુણવત્તા લાવવા માટે તેણે કરેલા વ્યાપક પ્રયાસોનું વિવરણ કરે છે. ૧. તારું નામ અજોડ છે. કૃપા કરી તારા નામ પાછળની વાર્તા અમને કહેશે? મારા સ્વ. પિતા શિવા નંદજી જમ્મુમાં સાયન્ટિફિક ઓફિસર હતા. તેમણે મને આ નામ આપ્યું હતું. તેઓ સ્વતંત્ર શબ્દથી મોહિત હતા, જે નિયમોથી આઝાદીનું દ્યોતક છે. જોકે અમુક લોકો જ તેનો ગાઢ અર્થ સમજી શકે છે અને મોટે ભાગે તેની અજોડતાને હલકી કરે છે. આ સંજોગો મારા શાળાનાં વર્ષોમાં પણ ચાલુ રહ્યા હતા. મારા સમોવડિયાઓ મારા નામને કારણે મારી મજાક ઉડાવતા હતા, અમુક વાર તેઓ સ્વતંત્ર ભારત એવું વિવરણ ઉમેરતા હતા. નાનો હતો ત્યારે દુઃખ થતું અને મારા પરિવારને મારું નામ બદલવા આજીજી કરતો હતો.

### સાત વર્ષ પહેલા સુરત આવ્યો હતો

## સુરતના પાલનપુરમાં મકાન ભાડે લેવા મોહમ્મદ તોહિદુલ રોહિત શર્મા બન્યો

### સ્પામાં નોકરી કરવા દરમિયાન તેને ત્યાં જ નોકરી કરતી એક યુવતી સાથે પ્રેમ થઇ ગયો હતો

| સુરત,તા.૨૫ |




સુરત શહેરમાં સ્પામાં નોકરી કરતા અને હિન્દુ પ્રેમિકા સાથે લગ્ન બાદ મકાન ભાડે રાખવા માટે બોગસ આઈડી કાર્ડ બનાવી તેનો ઉપયોગ કરનારા બંગાળી મોહમ્મદ તોહિદુલને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે રાંદેર રોડ પાલનપુર પાટિયા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ઈન્સ્પેક્ટર અશોક ચૌધરીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, શહેરમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓ તથા કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ માટે ફેક ડોક્યુમેન્ટથી બોગસ આઈડી ઉભી કરનારાઓને શોધી કાર્યવાહી માટે સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે એક મુસ્લિમ યુવક પોતાના અલગ અલગ નામના ખોટા આધાર પુરાવા બનાવી રાંદેર વિસ્તારમાં રહે છે. આ બાતમી આધારે ખાનગી તપાસ કર્યા બાદ પાલનપુર પાટિયા વિસ્તારમાંથી પોલીસે મોહમ્મદ તોહિદુલ અજીજ હક્કને ઝડપી પાડ્યો હતો. પાલનપુર પાટિયા ગણેશ મંદિર પાસે હિમગીરી એપાર્ટમેન્ટમાં રહેતા મોહમ્મદ તોહિહુલની પૂછપરછમાં તે ડાંગી બસ્તી ગામ ઉત્તર દિનાપુર (વેસ્ટ બંગાળ)નો રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું. તપાસમાં તેની પાસેથી ત્રણ અલગ અલગ નામવાળા ભારતીય આધાર કાર્ડ મળી આવ્યા હતા. જેમાં એક મોહમ્મદ તોહિદુલ અજીજ હક્ક નામનું, બીજું એહમદખાન આરનખાન અને ત્રીજું રોહિત શર્મા નામનું આધારકાર્ડ મળી આવ્યું હતું. ત્રણેય પર ફોટો આ તોહિહુલનો જ હતો. આ અંગે કરાયેલી પૂછપરછમાં તોહિદુલે જણાવ્યું હતું કે તે સાત વર્ષ પહેલા સુરત આવ્યો હતો. તે અહીં સ્પામાં નોકરી કરતો હતો.

### કોંગ્રેસે સૌરાષ્ટ્ર સાથે ઓરમાયુ વર્તન કરવાનો આરોપ લગાવ્યો

## રાજકોટમાં ૮ મોટા પ્રોજેક્ટનું કામ મંથર ગતિએ, અનેક પ્રોજેક્ટ અધ્ધરતાલ




| રાજકોટ,તા.૨૬ |

સૌરાષ્ટ્રની રાજનીતિનું એપીસેન્ટર જેને કહેવાય છે તે રાજકોટના વિકાસની ગતિને છેલ્લા કેટલાક વર્ષોથી બ્રેક લાગી ગઈ છે. વર્ષ ૨૦૨૦માં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના સમયમાં જે કામોનું વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ, તે કામો હજુ સુધી અધ્ધરતાલ છે અને આ કામો હજુ મંથરગતિએ છેલ્લા ત્રણ વર્ષથી બસ ચાલી જ રહ્યા છે. રાજકોટના મહત્વપૂર્ણ કહી શકાય તેવા ૮ જેટલા મોટા પ્રોજેક્ટની જો વાત કરવામાં આવે તો આ પ્રોજેક્ટની સમય મર્યાદા પૂર્ણ થયાને ત્રણ ત્રણ વર્ષ વિતી ગયા હોવા છતા હજુ આ કામો પૂર્ણ થયા નથી. રાજકોટ અમદાવાદ સિક્સલેન હાઈવેની કામગીરી પૂર્વ સીએમ વિજય રૂપાણીના કાર્યકાળમનાં શરૂ કરાઈ હતી અને વર્ષ ૨૦૨૦માં પૂર્ણ કરવાની હતી, ૩ હજાર ૪૮૮ કરોડના ખર્ચે સિક્સલેન હાઈવેની કામગીરી મંજૂર કરાઈ હતી. આ પ્રોજેક્ટની સમય મર્યાદા પૂર્ણ થઈ તેને પણ ત્રણ વર્ષ થવા આવ્યા છતા કામ હજુ પૂર્ણ થયુ નથી. અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટર કંપનીને છાવરવામાં આવતો હોવાનો ઘાટ ઘડાયો છે. આ ઉપરાંત સ્માર્ટ સિટી અંતર્ગત અટલ સરોવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હજુ અધૂરો છે. ગત જન્માષ્ટમીએ આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની વાત હતી. બીજી જન્માષ્ટમી માથે આવી ગઈ છતા પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થઈ નથી. શહેરના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પાછળ ૧૩૬ કરોડ રૂપિયાનું આંધણ કરવામાં આવ્યુ છે.

## ગાંધીનગરમાં સેક્ટર ૨૨મા પંચદેવ મંદિરમાં ૪ વ્યક્તિને વીજકરંટ લાગ્યો



| ગાંધીનગર,તા.૨૬ |

ગાંધીનગર શહેરના પંચદેવ મંદિરમાં વીજ કરંટથી લાગવાથી દુર્ઘટના સર્જાઈ છે. સેક્ટર ૨૨મા પંચદેવ મંદિરમાં ૪ વ્યક્તિને વીજકરંટ લાગ્યો છે. ઘટનામાં એકનું મોત થયું છે જ્યારે ૩ને ગંભીર ઈજા પહોંચી છે. શહેરના પંચદેવ મંદિરમાં વીજ કરંટથી લાગવાથી દુર્ઘટના સર્જાઈ છે. સેક્ટર ૨૨મા પંચદેવ મંદિરમાં ૪ વ્યક્તિને વીજકરંટ લાગ્યો છે. ઘટનામાં એકનું મોત થયું છે જ્યારે ૩ને ગંભીર ઈજા પહોંચી છે. તિર્થેશ ઉપાધ્યાય નામના યુવાનનું વીજકરંટ લાગતાં મૃત્યુ થયું છે. લોખંડના પોલ પર ખુલ્લા વાયરના સંપર્કથી દૂર્ઘટના સર્જાઈ હતી. પંચદેવ મંદીર ખાતે મંડપ બાંધતી વખતે કરંટ લાગતા અફરા તફરી મચી ગઈ હતી. લોખંડના પોલ પર ખુલ્લા વાયરના સંપર્કથી દૂર્ઘટના સર્જાઈ હતી. પંચદેવ મંદીર ખાતે મંડપ બાંધતી વખતે કરંટ લાગતા અફરા તફરી મચી ગઈ હતી.

### ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ

## મેઘરજના ઈસરીમાં ૧૩ વર્ષીય સગીરા પર દુષ્કર્મની ઘટના સામે આવી

### ઈસરી પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધવામાં આવી હતી અને પોલીસે પોકસો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

| અરવલ્લી,તા.૨૬ |




અરવલ્લી જિલ્લામાં વધુ એક સગીરા પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ પહેલા બાયડના સાઠંબા વિસ્તારમાં ૪ વર્ષની બાળકીને ફૂવાએ દુષ્કર્મ આચાર્યુ હતું. હવે મેઘરજના ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૩ વર્ષીય સગીરા પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. જ્યાં ઈસરી પોલીસ વિસ્તારમાં ૧૩ વર્ષની સગીરાને ઘરેથી થોડી દુર આવેલી દુકાનમાં નાસ્તાનું પેકેટ લેવા ગઈ હતી. જ્યાં નરાધમે આ ૧૩ વર્ષની સગીરા સાથે ઝંપાઝપી કરી હતી. ત્યારબાદ આ સગીરાને ગામ નજીક ખેતરે લઈ જઈ ૧૩ વર્ષની સગીરાના કપડાં ફાડી દુષ્કર્મ આચાર્યુ હતું. આ સગીરાને મારી નાખવાની પણ ધમકી આપી હતી. નરાધમે આટલેથી અટક્યો નહોતો, તેણે દુષ્કર્મ આચાર્યું ત્યારબાદ સગીરા ગંભીર હાલતમાં ઘરે પહોંચી હતી. સગીરાની માતાએ સમગ્ર ઘટના વિશે પૂછતાં માલુમ પડ્યું કે ૧૩ વર્ષની સગીરા પર એક હેવાને દુષ્કર્મ આચાર્યુ છે. ત્યાર બાદ સગીરાની માતા દ્વારા ઈસરી પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધવામાં આવી હતી અને પોલીસે પોકસો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યાર બાદ સગીરાની માતા દ્વારા ઈસરી પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધવામાં આવી હતી અને પોલીસે પોકસો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ૨.૫૨ લાખની કિંમતની ૧૦ બાઈક કબજે કરી

## ઉધના પોલીસે વાહનચોરીના ગુનાનો પર્દાફાશ કર્યો : 3 ની ધરપકડ કરાઇ

### આરોપીના ગુનાહિત ઈતિહાસ વિશે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે

| સુરત,તા.૨૬ |

સુરતમાં ઉધના પોલીસે વાહન ચોરીનો પર્દાફાશ કર્યો છે, પોલીસે વાહન ચોરી કરનાર અને વાહન ખરીદનાર મળી કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી છે અને ૨.૫૨ લાખની કિંમતની ૧૦ બાઈક કબજે કરી છે. તેમજ પોલીસ તપાસમાં ૧૨ ગુનાના ભેદ ઉકેલાઈ જવા પામ્યા છે. સુરત શહેરમાં લોકોના વાહનો ચોરી થતા હોવાની અનેક ફરિયાદો પોલીસ ચોપડે નોંધાતી હોય છે. ત્યારે ઉધના પોલીસે વાહનચોરીના ગુનાનો પર્દાફાશ કરીને ૩ આરોપીઓની ધરપકડ કરી છે. ઉધના પોલીસે બાતમીના આધારે વાહન ચોરી કરનાર મુખ્ય આરોપી લક્ષ્મણભાઈ છનુભાઈ લોહાર તેમજ વાહન ખરીદનાર અનીલ લાલચંદ વર્મા અને અજય હરેન્દ્ર રામની ધરપકડ કરી હતી.



પોલીસે ૨.૫૨ લાખની કિમતની કુલ ૧૦ બાઈક કબજે કરી હતી. તેમજ પોલીસ તપાસમાં ઉધના, સલાબતપુરા, પુણા મળી કુલ ૧૨ ગુનાના ભેદ ઉકેલાયા છે. બનાવ અંગે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે ઉધના પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી ૧૦ બાઈક કબજે કરવામાં આવી છે અને ૧૨ ગુનાના ભેદ ઉકેલાઈ ગયા છે, મુખ્ય આરોપી લક્ષ્મણભાઈ છનુભાઈ લોહાર બાઈકની ચોરી કરતો હતો. તે મૂળ નિઝરનો રહેવાસી છે અને તે ઘણા સમયથી સુરતમાં રહે છે અને તેને આર્થિક સંકડામણ આવે તો તે બાઈકની ચોરી કરી લેતો હતો. આ ઉપરાંત આરોપી પાસેથી ચોરીની બાઈક ખરીદનાર બંને ઈસમોની પણ ધરપકડ કરવામાં આવી છે. કુલ ૪ બાઈક આ લોકોએ ખરીદી હતી જયારે અન્ય બાઈક અન્ય જગ્યાએથી રીકવર કરી છે. આરોપીના ગુનાહિત ઈતિહાસ વિશે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તે મૂળ નિઝરનો રહેવાસી છે અને તે ઘણા સમયથી સુરતમાં રહે છે અને તેને આર્થિક સંકડામણ આવે તો તે બાઈકની ચોરી કરી લેતો હતો. આ ઉપરાંત આરોપી પાસેથી ચોરીની બાઈક ખરીદનાર બંને ઈસમોની પણ ધરપકડ કરવામાં આવી છે. કુલ ૪ બાઈક આ લોકોએ ખરીદી હતી જયારે અન્ય બાઈક અન્ય જગ્યાએથી રીકવર કરી છે. આરોપીના ગુનાહિત ઈતિહાસ વિશે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## ઝી ટીવીના મૈત્રીએ ૨૦૦ એપિસોડ પૂરા કરવાનો સિમાચિન્હ હાંસિલ કર્યો!

| અમદાવાદ, તા.૨૬ |

ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો – મૈત્રીએ દરેકના જીવનનો એક મહત્વનો હિસ્સો બની ગયો છે. તેમાં મૈત્રી (શ્રેણુ પરિખ) અને નંદિની (ભાવિકા ચૌધરી)ના પ્રવાસને દર્શાવવામાં આવ્યો છે, જે એકેબીજાની સાથે જીવનના ઘણા ઉતાર-ચડાવમાંથી પસાર થઈ છે. અગાઉના એપિસોડમાં દર્શકોએ જોયું કે, મૈત્રી અને નંદિની તેના પરિવારને ઈચ્છાધારી નાગીન ઝુમકી (ઈશિતા ગાંગુલી)થી બચાવવા ઈચ્છે છે. મૈત્રીની વાર્તા અને સંબંધિત પાત્રોએ દર્શકોને તેમની સીટ પર જકડી રાખ્યા છે. ત્યારે તાજેતરના એપિસોડમાં, દર્શકોએ જોયું કે, કઈ રીતે સારાંશ (પાત્ર કરી રહ્યો છે, કૃણાલ કરણ કપૂર)એ નંદિનીને મૈત્રી વિરુદ્ધ ભડકાવે છે, જેથી તે ગુસ્સે થાય અ તેની બહેન જેવી ખાસ સહેલીને મારવા પણ તૈયાર થઈ જાય. પણ મૈત્રી અને સમગ્ર પરિવારને યોગ્ય સમયે તેના આ ઈરાદાની જાણ થઈ તો, નંદિની અને સારાંશને પોલિસએ પકડી લીધા. આ પ્રક્રિયા દરમિયાન, ઝુમકીએ મૈત્રીથી વિરુદ્ધ પ્લાન બનાવ્યો છે અને તેને મારવા માટે ખાડામાં નાખે છે. પણ તે બાબાની મદદથી બચી જાય છે. દર્શકો હજી કેટલોક હાઈ-વોલ્ટેજ નાટકની અપેક્ષા આગામી દિવસોમાં રાખી રહ્યા છે, ત્યારે મૈત્રીની ટીમએ તાજેતરમાં એક મોટો સિમાચિન્હ હાંસિલ કર્યો છે. શોએ સફળતા પૂર્વક ૨૦૦ એપિસોડ પૂરા કર્યા છે, તો તેમના માટે આ એક મોટી ઉજવણીનો સમય છે!

# વિશેષ લેખ

### ૨૦૪૦ સુધીમાં ચંદ્રની અર્થવ્યવસ્થા ઇંજર મિલિયનનું થશે

# વર્ષ ૨૦૩૦માં ૪૦ અને ૨૦૪૦ સુધીમાં ૧૦૦૦ અવકાશયાત્રીઓ ચંદ્ર પર વસવાટ કરશે

### ભારતની મૂન ઈકોનોમી ચંદ્રયાન-3 અબજો રૂપિયાનો બિઝનેસ પણ આપશે



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ


**ચંદ્રયાન-3 ની સફળતા પછી વિશ્વના દેશોની પણ ચન્દ્ર પર જવાની હોડ લાગી છે.**

હવે ચન્દ્ર અને ચન્દ્રયાન અબજો રૂપિયાનો બિઝનેસ પણ આપશે હવે મૂન ઈકોનોમીનું મહત્વ વધી જશે.

રશિયા, અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશો ચંદ્ર પર પહોંચવા અને બેઝ બનાવવા માટે હરીફાઈ કરી રહ્યા છે. ચંદ્ર પરની રેસ પાછળ ચંદ્ર અર્થશાસ્ત્ર છે. ચંદ્રની રેસમાં અમેરિકા અને રશિયા પાછળ રહી ગયા છે. રશિયાના લુના-૨૫ મિશનની નિષ્ફળતા બાદ હવે ભારત ઈતિહાસ રચવા જઈ રહ્યું છે.

હવે ભવિષ્યમાં ચંદ્ર પર લોકોને વસાવવાનું પણ આયોજન છે. ભવિષ્યમાં, યુદ્ધ, સંશોધન અને રજાઓ માટે પણ ચંદ્ર પર પાયા બનાવી શકાય છે. ચંદ્ર પર જવાની રેસમાં ભારત એવા કેટલાક દેશોમાં સામેલ થશે જે ચંદ્ર પર તે શોધો કરી શકે છે, જેનાથી આગળ જઈને ભારત ચંદ્ર પર પોતાનો આધાર બનાવવામાં સફળ થઈ શકે છે. ચંદ્રયાન-૩ની સફળતા ભારતને ચંદ્રની અર્થવ્યવસ્થા પર આગળ લઈ જશે.અને ભારતમાટે 'મૂન ઈકોનોમી'ના દરવાજા ખુલી જશે. હવે ભવિષ્યમાં ચંદ્ર પર લોકોને વસાવવાનું પણ આયોજન છે. ભવિષ્યમાં, યુદ્ધ, સંશોધન અને રજાઓ માટે પણ ચંદ્ર પર પાયા બનાવી શકાય છે. ચંદ્ર પર જવાની રેસમાં ભારત એવા કેટલાક દેશોમાં સામેલ થશે જે ચંદ્ર પર તે શોધો કરી શકે છે, જેનાથી આગળ જઈને ભારત ચંદ્ર પર પોતાનો આધાર બનાવવામાં સફળ થઈ શકે છે. ચંદ્રયાન-૩ની સફળતા ભારતને ચંદ્રની અર્થવ્યવસ્થા પર આગળ લઈ જશે.અને ભારતમાટે 'મૂન ઈકોનોમી'ના દરવાજા ખુલી જશે. હવે ભવિષ્યમાં ચંદ્ર પર લોકોને વસાવવાનું પણ આયોજન છે. ભવિષ્યમાં, યુદ્ધ, સંશોધન અને રજાઓ માટે પણ ચંદ્ર પર પાયા બનાવી શકાય છે. ચંદ્ર પર જવાની રેસમાં ભારત એવા કેટલાક દેશોમાં સામેલ થશે જે ચંદ્ર પર તે શોધો કરી શકે છે, જેનાથી આગળ જઈને ભારત ચંદ્ર પર પોતાનો આધાર બનાવવામાં સફળ થઈ શકે છે. ચંદ્રયાન-૩ની સફળતા ભારતને ચંદ્રની અર્થવ્યવસ્થા પર આગળ લઈ જશે.અને ભારતમાટે 'મૂન ઈકોનોમી'ના દરવાજા ખુલી જશે.

ભારતે તેના હેવી લિફ્ટ લોન્ચ વ્હીકલ LVM3-M4 થી ચંદ્રયાન લોન્ચ કર્યું છે. ભૂતકાળમાં, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની કંપની 'બ્લુ ઓરિજિન'એ ISROના LVM3 રોકેટનો ઉપયોગ કરવામાં રસ દાખવ્યો હતો. જેફ બેઝોસ તેમની સ્પેસ કંપની બ્લુ ઓરિજિનમાં ભારતની LVM3 નો ઉપયોગ વ્યાપારી અને પ્રવાસન હેતુઓ માટે કરવા માંગે છે. ચંદ્રયાન-૩ ભારત માટે ચંદ્રની વિશાળ અર્થવ્યવસ્થાના દરવાજા ખોલવા જઈ રહ્યું છે. સ્પેસ એક્સ જેવી ઘણી કંપનીઓ ચંદ્ર પર પરિવહનને એક મોટા વ્યવસાય તરીકે વિચારી રહી છે. ચંદ્રયાન દ્વારા, ભારત તે મોટા વ્યવસાયમાં તેના હિસ્સા માટે તૈયાર છે.



**૨૦૪૦ સુધીમાં ચંદ્રની અર્થવ્યવસ્થા $૪૨ મિલિયનની થઈ જશે.**

પ્રાઈસ વોટરહાઉસ કૂપરના અનુમાન મુજબ, ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર પરિવહનનો વ્યવસાય ઈ૪૨ બિલિયન સુધી પહોંચી શકે છે. પ્રાઈસ વોટરહાઉસ કૂપર ૨૦૨૦ અને ૨૦૨૫ વચ્ચે $9 બિલિયન મૂન ઈકોનોમીની આગાહી કરે છે. વર્ષ ૨૦૨૬ થી ૨૦૩૦ માટે, ચંદ્ર અર્થતંત્ર $19 બિલિયન હોવાનો અંદાજ છે. ૨૦૩૧ અને ૨૦૩૫ ની વચ્ચે, ૩૨ બિલિયન ડોલરની ચંદ્ર અર્થવ્યવસ્થા હશે અને ૨૦૩૬ અને ૨૦૪૦ ની વચ્ચે તે ૪૨ અબજ ડોલર એટલે કે ૪૨ મિલિયન ડોલર હશે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે માત્ર ચંદ્ર સુધીના પરિવહનના વ્યવસાયથી નફો નહીં થાય. ચંદ્ર પરથી પ્રાપ્ત ડેટા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરેક દેશ સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતરી શકતો નથી. જેથી ત્યાંથી મળેલી માહિતીને ભારત પાસેથી કરોડો ડોલરમાં ખરીદવામાં આવશે, જેથી વાહન મોકલ્યા વગર ચંદ્ર પર સંશોધન કરી શકાય.

**એક અંદાજ મુજબ વર્ષ ૨૦૩૦માં ૪૦ અને ૨૦૪૦ સુધીમાં ૧૦૦૦ અવકાશયાત્રીઓ ચંદ્ર પર વસવાટ કરશે.**

**તેઓ જતા પહેલા, ચંદ્રની સપાટી વિશે માહિતી એકત્રિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેથી ત્યાં રહેવા માટે આધાર બનાવવાની તૈયારી કરી શકાય.**

અત્યાર સુધીમાં માણસે ચંદ્ર પર કુલ ૭ માનવ સફર કરી છે. આ પ્રવાસો યુનાઈટેડ સ્ટેટ્સની અવકાશ એજન્સી નાસા દ્વારા પ્રખ્યાત એપોલો પ્રોગ્રામના ભાગરૂપે કરવામાં આવી હતી.

૨૦ જુલાઈ, ૧૯૬૯ ના રોજ પ્રથમ માનવસહિત ચંદ્ર ઉતરાણ થયું હતું, જ્યારે અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિન એપોલો ૧૧ મિશન દરમિયાન ચંદ્રની સપાટી પર ચાલ્યા હતા. આ ઐતિહાસિક ઘટના અવકાશ સંશોધનમાં એક સીમાચિહ્નરૂપ છે અને માનવ ઈતિહાસમાં એક પ્રતિકાત્મક ક્ષણ બની ગઈ છે.

એપોલો ૧૧ની સફળતા પછી, ચંદ્ર પર માનવસહિત ઉતરાણ સાથે અન્ય પાંચ એપોલો મિશન હાથ ધરવામાં આવ્યા હતા.નવેમ્બર ૧૨માં એપોલો ૧૯૬૯, ફેબ્રુઆરી ૧૪માં એપોલો ૧૯૭૧, જુલાઈ ૧૫માં એપોલો ૧૯૭૧, એપ્રિલ ૧૬માં એપોલો ૧૯૭૨ અને ડિસેમ્બર ૧૭માં એપોલો ૧૯૭૨. આ દરેક મિશનનો ચોક્કસ વૈજ્ઞાનિક ધ્યેય હતો, જેમાં ચંદ્રના નમૂનાઓ એકત્રિત કરવા, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણો અને આપણા કુદરતી ઉપગ્રહ અને પૃથ્વી સાથેના તેના સંબંધને વધુ સારી રીતે સમજવા માટે પ્રયોગો હાથ ધરવાનો સમાવેશ થાય છે.

૧૯૭૨માં છેલ્લી અપોલો મિશન પછી, કોઈ પણ મનુષ્ય ચંદ્ર પર પાછો ફર્યો નથી. જો કે, અવકાશયાત્રીઓને મંગળ અને તેનાથી આગળના સ્થળો પર લઈ જવાના હેતુથી અન્ય કાર્યક્રમો અને મિશન સાથે અવકાશ સંશોધન આગળ વધવાનું ચાલુ રાખે છે. ચંદ્ર પર માનવ હાજરી ભવિષ્યના અવકાશ મિશન માટે હોટસ્પોટ બની રહે છે, અને વિશ્વભરની અવકાશ એજન્સીઓ આ મહત્વાકાંક્ષી દ્રષ્ટિને વાસ્તવિકતા બનાવવા માટે પ્રોજેક્ટ્સ અને ટેક્નોલોજીઓ પર કામ કરવાનું ચાલુ રાખે છે.એપોલો ૧૮, ૧૯ અને ૨૦ મિશનને રદ કરીને, એપોલો ૧૭ એ ચંદ્ર પરનું છેલ્લું માનવ મિશન બન્યું છે.ચંદ્રયાન ૩ આ માટે પણ ખૂબ જ ઋમહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરી રહ્યું છે. આ માહિતી કરોડો ડોલરની કમાણીનું માધ્યમ પણ બની જશે. ચંદ્ર પર સંદેશાવ્યવહાર નેટવર્ક બનાવવા અને અવકાશયાત્રીઓ માટે સાધનો વહન કરવા માટે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય આધાર બનાવવો જરૂરી બનશે. આ માટે ચંદ્રયાન ૩નું સંશોધન પણ ઉપયોગી થશે. માત્ર સરકારો જ નહીં, iSpace અને Astrobotics જેવી ખાનગી કંપનીઓ કાર્ગો ચંદ્રની સપાટી પર લઈ જવાની તૈયારી કરી રહી છે, એટલે કે ચંદ્રની અર્થવ્યવસ્થા વિશાળ છે અને ચંદ્રયાન-૩એ ભારતને ચંદ્રની રેસમાં સૌથી આગળ મૂકી દીધું છે.

'ચંદ્રયાન-૩'ની સફળતાથી સમગ્ર વિશ્વ ભારતીય વૈજ્ઞાનિકો અને અવકાશ વિજ્ઞાનમાં ભારતીય ક્ષમતાને ઓળખશે.દુનિયા જાણશે કે આપણી પાસે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ અને ત્યાં રોવર ચલાવવાની ક્ષમતા છે. આનાથી ભારત પર વિશ્વનો વિશ્વાસ વધશે, જે કોમર્શિયલ બિઝનેસ વધારવામાં મદદ કરશે...

# ભાનગઢનો રહસ્યમય કિલ્લો, જ્યાં રાત્રે ગયા તો પાછા નહીં આવો

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતમાં એવા ઘણા કિલ્લાઓ છે, જેનું સ્થાપત્ય અને સુંદરતા મનને મોહી લે છે. પરંતુ ભાનગઢનો કિલ્લો સૌથી ભૂતિયા સ્થળ તરીકે જાણીતો છે, જો કોઈ ભૂલથી પણ સૂર્યાસ્ત પછી આ કિલ્લામાં રોકાઈ જાય તો તે રાતની વાર્તા કહેવા માટે પાછો આવી શકશે નહીં. ભાનગઢ કિલ્લામાં ભૂતનો ડર એટલો છે કે સરકારે સૂર્યાસ્ત પછી અહીં રહેવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. રહસ્યમય હોવાને કારણે આ સ્થળ ઘણા લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. એડવેન્ચર સીકર્સ ચોક્કસપણે એકવાર આ સ્થળની મુલાકાત લેવાનું પસંદ કરે છે. વાર્તાઓ અનુસાર, આ કિલ્લો પેરાનોર્મલ પ્રવૃત્તિનું કેન્દ્ર છે. અહીં ભૂત-પ્રેત રાત્રીના સમયે ફરતા જોવા મળે છે. ચિત્તા જોરથી બૂમ પાડે છે. આ જ કારણ છે કે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે રાત્રે અહીં જવા પર પ્રતિબંધ મૂક્યો છે. સૂર્યાસ્ત પછી કિલ્લામાં પ્રવેશવું એ બહાદુરી નહીં મૂર્ખતાનું કાર્ય છે. કથાઓ અનુસાર ગુરુ બાલુનાથ નામના સંત અહીં તપસ્યા કરતા હતા. જ્યારે સમ્રાટ માધો સિંહે કિલ્લો બંધાવ્યો ત્યારે સંતે આ શરતે મંજૂરી આપી કે મહેલનો પડછાયો તેમના પ્રાર્થના સ્થળ પર ન પડવો જોઈએ. જો તે પડી જશે, તો બધું નાશ પામશે. જ્યારે મહેલ પૂર્ણ થયો, ત્યારે સંતની પ્રાર્થના સ્થળ પર પડછાયો પડ્યો અને તે જ સમયે ભાનગઢનો નાશ થયો. એવું કહેવાય છે કે સંતના શ્રાપને કારણે આ કિલ્લો કાટમાળમાં ફેરવાઈ ગયો અને પછી તે સ્થાયી ન થઈ શક્યો.

### ઈસરો સેન્ટરમાં પીએમ મોદીની જાહેરાત

# ૨૩ ઓગસ્ટે નેશનલ સ્પેસ ડે ઉજવાશે : પ્રધાનમંત્રી મોદી

**ઈસરો સેન્ટરમાં વૈજ્ઞાનિકો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, આપ સૌની વચ્ચે આવીને આજે એક અલગ જ ખુશી અનુભવી રહ્યો છું**

। બેંગલુરુ, તા.૨૬ ।

પીએમ મોદીએ ઈસરોના વૈજ્ઞાનિકોને કહ્યું કે, આજે ચાંદ પર છે ભારત! આ આપણું રાષ્ટ્રીય ગૌરવ છે. આપણે ત્યાં પહોંચ્યા જ્યાં કોઈ નથી પહોંચી શક્યું. આપણે એ કર્યું છે, જે પહેલા કોઈએ નથી કર્યું. આ આજનું ભારત છે, નિર્ભીક અને ઝુઝારુ. જે નવું વિચારે છે, નવી રીતે વિચારે છે. જે ડાર્ક ઝોનમાં જઈને પણ દુનિયામાં રોશનીના કિરણો ફેલાવી દે છે. ઈસરો સેન્ટરમાં વૈજ્ઞાનિકો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, આપ સૌની વચ્ચે આવીને આજે એક અલગ જ ખુશી અનુભવી રહ્યો છું. કદાચ એવી ખુશી ખૂબ જ દુર્લભ અવસરો પર થાય છે, જ્યારે આવી ઘટનાઓ ઘટે છે કે તેની આતુરતા રહે છે. આ વખતે મારી સાથે આવું થયું છે. ઈસરો સેન્ટરમાં વૈજ્ઞાનિકો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, મારી આંખોની સામે ૨૩ ઓગસ્ટનો એ દિવસ, તે એક એક સેકન્ડ વારંવાર



ફરી રહી છે. જ્યારે Touch Down કન્ફર્મ થયું, તો જેવી રીતે અહીં ઈસરો સેન્ટરમાં, સમગ્ર દેશમાં લોકો ઝૂમી ઉઠ્યા, તે દ્રશ્ય કોણ ભૂલી શકે? પીએમ મોદીએ કહ્યું કે, આ ચાંદના રહસ્યો ખોલશે, સાથે જ ધરતીના પડકારોના સમાધાનમાં મદદ કરશે. હું આ સફળતા માટે મિશનની આખી ટીમને ધન્યવાદ આપું છું. મારા પરિવારજનો આપ જાણો છો કે, સ્પેશ મિશનના ટચ ડાઉનને નામ આપવાની પરંપરા છે. ચંદ્રના જે ભાગ પર ચંદ્રયાન ઉતર્યું છે, ભારતે તેનું નામકરણ કરવાનો નિર્ણય લીધો છે, જ્યાં લેન્ડર ઉતર્યું છે, તે પોઈન્ટને શિવશક્તિ નામથી ઓળખવામાં આવશે. વધુ એક નામકરણ ખૂબ જ પેન્ડીંગ છે. ચાર વર્ષ પહેલા જ્યારે ચંદ્રયાન-૨ ચંદ્રની નજીક પહોંચ્યું હતું, જ્યાં તેના પદચિન્હ પડ્યા હતા. ત્યારે એ નક્કી હતું કે, તેને નામ આપવામાં આવે. પણ આ પરિસ્થિતિઓને જોતા આપણે નક્કી કર્યું હતું કે, જ્યારે ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પહોંચશે, ત્યારે આપણે બંને ચંદ્રયાન મિશનને નામ આપશે. આજે જ્યારે હર ઘર તિરંગા છે. એટલા માટે ચંદ્રયાન-૨ને જે સ્થાન પર પદચિન્હ છોડશે, તે સ્થાન હવે તિરંગા પોઈન્ટ કહેવાશે. જ્યાં ચંદ્રયાન-૩નું મૂન લેન્ડર પહોંચ્યું છે. તે સ્થાન આજથી શિવશક્તિ કહેવાશે. ઈસરો સેન્ટરમાં વૈજ્ઞાનિકોને પીએમ મોદીએ કહ્યું કે, ૨૩ ઓગસ્ટે જ્યારે ભારતે ચંદ્રમા પર તિરંગો લહેરાવ્યો, તે દિવસને હવે National Space Day તરીકે મનાવામાં આવશે.

### માથા પર ગમછો અને ચહેરા પર માસ્ક

# વારાણસીના ઘાટ પર જોવા મળ્યાં મિર્ઝાપુરના કાલીન ભૈયા

**કાશીના અસ્સી ઘાટના મુખ્ય યાત્રાધામ પુજારી બલરામ મિશ્રાની દેખરેખ હેઠળ ગંગાની મધ્યમાં પાંચ બ્રાહ્મણો દ્વારા શાંતિ પૂજા કરવામાં આવી હતી**

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડના દિગ્ગજ એક્ટર પંકજ ત્રિપાઠી શુક્રવારે વારાણસીમના ઘાટ પર જોવા મળ્યા હતા. જે દરમિયાન તેણે માથા પર સફેદ દુપટ્ટો, ચહેરા પર માસ્ક અને પગમાં ચપ્પલ પહેર્યા હતા. તમને જણાવી દઈએ કે, પિતાના અવસાન બાદ તેઓ તેમના અસ્થિ વિસર્જન માટે વારાણસી પહોંચ્યા હતા. જ્યા તેઓ વારાણસીના પ્રખ્યાત અસ્સી ઘાટે પાસે જઈ તે હોડીમાં બેસીને ગંગાની મધ્ય તરફ ગયા હતા. કાશીના અસ્સી ઘાટના મુખ્ય યાત્રાધામ પુજારી બલરામ મિશ્રાની દેખરેખ હેઠળ ગંગાની મધ્યમાં પાંચ બ્રાહ્મણો દ્વારા શાંતિ પૂજા કરવામાં આવી હતી. આ દરમિયાન પંકજ ત્રિપાઠી હાથ જોડીને પિતાને યાદ કરતા જોવા મળ્યા હતા. વિધિવત પૂજા કર્યા પછી, કાલિન ભૈયાએ તેમના પિતાની રાખને ગંગામાં ડૂબાડી. તે પછી તેઓ પાછા અસ્સી ઘાટ પર પાછા ફર્યા. આ દરમિયાન ઘાટ પર લોકો પણ તેમની એક ઝલક મેળવવા આતુર જોવા મળ્યા હતા. પંકજ ત્રીપાઠીએ અસ્સી ઘાટ પર ઉતર્યા બાદ મા ગંગા સેવા સમિતિના કાર્યાલયમાં બેસીને ચાની ચુસ્કી પણ લીધી હતી. તેને આ ચા એટલી ગમી હતી કે, તેણે એક નહીં પણ ૨ કુલ્હડ લઈને ચા પીધી હતી.

તમને જણાવી દઈએ કે, એક્ટર પંકજ ત્રિપાઠી પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતા છે. આ માટે તેને નેશનલ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યો છે. જોકે, આ પહેલા પણ તેને નેશનલ એવોર્ડ મળી ચૂક્યો છે. આ ઉપરાંત પંકજ ત્રિપાઠીને મિર્ઝાપુરમાં કાલીન ભૈયાના રૂપમાં પણ ઘણી ઓળખ મળી છે.

### અડવા માત્રથી જ થાય છે મોત

# સ્ટોન ફિશના નામની દુનિયાની સૌથી ઝેરી માછલી

**આ માછલીના ઝેરની ઝપેટમાં વ્યક્તિના શરીરનો કોઈ ભાગ આવી ગયો હોય તો તેને બચાવવાનો એક જ રસ્તો છે**

। નવી દિલ્હી, તા.૨૬ ।

દુનિયામાં ઘણા સી ફૂડ લવર્સ છે. આ લોકો દરિયાઈ જીવો ખાવાના ખૂબ જ શોખીન હોય છે. સી ફૂડમાં માછલીઓ, કરચલાં વગેરેનો સમાવેશ થાય છે. માછલીઓની પણ ઘણી જાતો છે. દરેક વ્યક્તિ પોતાના સ્વાદ પ્રમાણે માછલી ખાવાનું પસંદ કરે છે. કોઈને રેહુ ગમે છે તો કોઈને કટલા ગમે છે. પરંતુ શું તમે જાણો છો કે એવી માછલી પણ દરિયાની દુનિયામાં જોવા મળે છે જે ખૂબ જ ઝેરીલી હોય છે. આ માછલીને અડવા માત્રથી જ માણસ મરી શકે છે. અમે વાત કરી રહ્યા છીએ દુનિયાની સૌથી ઝેરી માછલી વિશે જેનું નામ સ્ટોન ફિશ છે. આ માછલીને તેના દેખાવના કારણે આ નામ મળ્યું છે. તેનો આકાર પથ્થર જેવો હોય છે. જો તેને સ્પર્શ કરવામાં આવે તો વ્યક્તિ મરી શકે છે. તેમની આ વિશેષતાના કારણે તે પોતાના દુશ્મનોથી સુરક્ષિત રહે છે. આવી સ્થિતિમાં માછીમારોને સલાહ આપવામાં આવે છે કે જો તેઓ આ માછલીને જુએ તો તરત જ તેનાથી દૂર રહેવું અને સાવચેત રહેવું જોઈએ. વિશ્વની સૌથી ખતરનાક સ્ટોન ફિશ દરેક જગ્યાએ જોવા મળતી નથી. તે મોટાભાગે મકર રેખાના ઉષ્ણકટિબંધની નજીકના સમુદ્રમાં જોવા મળે છે. તે દૃષ્ટિમાં પથ્થર જેવી લાગે છે. આ કારણોસર લોકો તેને સરળતાથી જોઈ શકતા નથી અને તેનો શિકાર બની જાય છે. કોઈ જીવ તેના સંપર્કમાં આવતાં જ તેના શરીરમાંથી નીકળતા ઝેરના અસરથી મૃત્યુ પામે છે. જ્યારે કોઈ પણ જીવ તેના પર પગ મૂકે છે ત્યારે સ્ટોન ફિશના શરીરમાંથી ન્યુરોટોક્સિન નામનું ઝેર નીકળે છે. જેના કારણે લોકોના મોત થાય છે.

# યુકેએ વર્ક વિઝા આપવામાં નવો રેકોર્ડ બનાવ્યો

**એક તરફ યુકેની બોર્ડરને ચુસ્ત રીતે બંધ કરવાના પ્રયાસ ચાલે છે, બીજી તરફ વિદેશી કામદારોને આમંત્રણ અપાય છે**




।।વી દિલ્હી, તા.૨૬ ।

વિદેશમાં જઈને કામ કરવા માગતા સ્કીલ્ડ ભારતીયો માટે અત્યારે સારામાં સારી તક છે. ખાસ કરીને યુકે સરકારે ખાલી જગ્યાઓ ભરવા માટે કમર કસી છે જેના કારણે રેકોર્ડ સંખ્યામાં લોકોને વર્ક વિઝા અપાઈ રહ્યા છે. એક તરફ દેશમાં શરણાર્થીઓની સમસ્યા પેદા થઈ છે જેને કાઢવા માટે વડાપ્રધાન રિશિ સુનક જાતજાતના રસ્તા વિચારી રહ્યા છે. બીજી તરફ સ્કીલ્ડ લોકો કાયદેસર રીતે આવવા માગતા હોય તો તેના માટે કામ સરળ થઈ ગયું છે. હવે વર્ક વિઝાની વાત કરીએ. લેટેસ્ટ આંકડા પ્રમાણે જૂન ૨૦૨૨થી જૂન ૨૦૨૩ સુધીમાં યુકેએ માઈગ્રન્ટ્સને ૩.૨૧ લાખ વર્ક વિઝા આપ્યા છે. યુકે અત્યારે મોટા ભાગના કામ માટે માઈગ્રન્ટ પર આધારિત બનતું જાય છે તેના કારણે વિદેશના લેબરની જરૂર છે. ખાસ કરીને બ્રેક્ઝિટ પછી યુકેમાં સ્કીલ્ડ લોકોની અછત છે. ગયા વર્ષે યુકેએ જે વર્ક વિઝા આપ્યા હતા તેના કરતા આ વખતે ૪૫ ટકાનો વધારો થયો છે. જોકે, માઈગ્રેશનમાં જેમ વધારો થાય તેમ વડાપ્રધાન રિશિ સુનકની ટીકા પણ વધતી જાય છે કારણ કે તેઓ માઈગ્રેશન પર અંકુશ મુકવાના વચન સાથે સત્તા પર આવ્યા છે. આગામી દિવસોમાં આ એક ચૂંટણીનો મુદ્દો પણ બનવાનો છે. યુકેમાં ૨૦૨૨માં માઈગ્રેશનની સંખ્યા વધીને છ લાખ કરતા વધારે હતી. તેમાં પણ શોર્ટ ટર્મ વર્કર્સનો સમાવેશ નથી થતો. યુકે હવે ડિપેન્ડન્ટ વિઝા પર ફોકસ કરી રહ્યું છે. યુકેમાં કામ કરતા લોકો હવે સરળતાથી પોતાના આશ્રિતોને એટલે કે ડિપેન્ડન્ટને બોલાવી શકે છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે સ્ટુડન્ટ અથવા વર્કર્સ દ્વારા પોતાના ડિપેન્ડન્ટ માટે લેવામાં આવેલા વિઝાની સંખ્યા બમણી થઈને ૩.૭૫ લાખને પાર કરી ગઈ છે. ગયા વર્ષમાં યુકેમાં કામ કરતા લોકો પોતાના ૨.૨૦ લાખ સગાઓને અહીં લઈ આવ્યા હતા જ્યારે વિદ્યાર્થીઓ પોતાના ૧.૫૪ લાખ ડિપેન્ડન્ટને યુકે લાવ્યા હતા. યુકેમાં અત્યારે મેડિસિન, આઈટી, હેલ્થકેર વગેરેમાં માણસોની સખત જરૂર છે. છેલ્લા એક વર્ષમાં હેલ્થ કેરમાં લગભગ ૧.૨૩ લાખ લોકોને વિઝા આપવામાં આવ્યા હતા. તેનાથી અગાઉના વર્ષ સાથે સરખામણી કરવામાં આવે તો હેલ્થકેર વર્કસર્ને વિઝા આપવાના પ્રમાણમાં ૧૬૦ ટકાનો વધારો થયો છે. તેમાં સૌથી વધારે વિઝા ભારતીયો અને નાઈજિરિયાના લોકોને મળ્યા છે. કોવિડ પછી મોટા ભાગના સેક્ટરમાં માણસોની અછત છે. એક અંદાજ પ્રમાણે એકલા યુકેમાં ૧૦ લાખથી વધુ જગ્યા ખાલી છે જેને ભરવા માટે ભારત સહિતના દેશોમાંથી સ્કીલ્ડ લોકોને લાવવા પડશે. તેના કારણે જ વર્ક વિઝા આપવાનું વધ્યું છે. સ્ટુડન્ટ વિઝાની કેટેગેરીમાં પણ વધારે માગ છે અને તેમાં સૌથી વધારે ભારતીય તથા ચાઈનીઝ સ્ટુડન્ટને વિઝા મળ્યા છે. ગયા વર્ષમાં યુકેમાં વિદેશી સ્ટુડન્ટની સંખ્યા ૨૩ ટકા વધીને પાંચ લાખ થઈ હતી જેમાં ભારતીય સ્ટુડન્ટ સૌથી મોટી સંખ્યામાં છે. યુકેમાં વીમો અને પેન્શનના લાભ લેતા લોકોની સંખ્યા જોવામાં આવે તો તે પણ દર્શાવે છે કે માઈગ્રન્ટની સંખ્યા વધી છે. ૨૦૦૨થી તેનો રેકોર્ડ રાખવાનું શરૂ થયું છે જેમાં વર્ક કે સ્ટડી માટે યુકે આવેલા લોકોની નોંધ રાખવામાં આવે છે. આ આંકડો અગાઉના વર્ષમાં ૮.૮૦ લાખ હતો જે આ વખતે વધીને સીધો ૧૧ લાખને પાર કરી ગયો છે. તેમાંથી ૧.૨૫ લાખ લોકોને બાદ કરતા બાકીના તમામ લોકો યુરોપિયન યુનિયન બહારથી આવ્યા હતા. યુરોપના બાકીના દેશોની જેમ જ યુકેમાં પણ હાઈ સ્કીલ લોકોની અછત છે. તેથી પ્રોગ્રામર્સ, સોફ્ટવેર ડેવલપર્સ, સાઈબર સિક્યોરિટી સ્પેશ્યાલિસ્ટ, હેલ્થ સર્વિસ વગેરેમાં સૌથી વધારે જોબ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગ્રાફિક ડિઝાઈનર, સેલ્સ આસિસ્ટન્ટ, ઓપરેશન મેનેજર વગેરે પોસ્ટ માટે પણ માણસોની જરૂર છે. આ આંકડો અગાઉના વર્ષમાં ૮.૮૦ લાખ હતો જે આ વખતે વધીને સીધો ૧૧ લાખને પાર કરી ગયો છે. તેમાંથી ૧.૨૫ લાખ લોકોને બાદ કરતા બાકીના તમામ લોકો યુરોપિયન યુનિયન બહારથી આવ્યા હતા. યુરોપના બાકીના દેશોની જેમ જ યુકેમાં પણ હાઈ સ્કીલ લોકોની અછત છે. તેથી પ્રોગ્રામર્સ, સોફ્ટવેર ડેવલપર્સ, સાઈબર સિક્યોરિટી સ્પેશ્યાલિસ્ટ, હેલ્થ સર્વિસ વગેરેમાં સૌથી વધારે જોબ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગ્રાફિક ડિઝાઈનર, સેલ્સ આસિસ્ટન્ટ, ઓપરેશન મેનેજર વગેરે પોસ્ટ માટે પણ માણસોની જરૂર છે.

## વિશેષ

### સીઝનલ પ્રોડક્ટ બનાવીને પ્રદર્શન સહ વેચાણ કરે છે

# વડોદરામાં સ્વ નિર્ભર બનતી નારી સંરક્ષણ ગૃહની બહેનો

**કોઈપણ પરિસ્થિતિમાં પાછીપાની કરે નહીં એ રીતે તાલીમ અપાય છે : હેતાક્ષી ચાંપાનેરી**

વડોદરા શહેરમાં આવેલા સરદાર એસ્ટેટ કોમ્યુનિટી હૉલ ખાતે નારી વંદન કાર્યક્રમ દરમ્યાન મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત વડોદરાના નારી સંરક્ષણ ગૃહની આશ્રિત ૧૦ જેટલી બહેનોએ બનાવેલ રાખડીઓ તેમજ પૂજા ડીશનું પ્રદર્શન સહ વેચાણ કર્યું હતું.

નારી સંરક્ષણ ગૃહની બહેનોને શીખવા માટે મટીરીયલ તેમજ લેડીઝ ટ્રેનર પણ સી એસ આર ફાઉન્ડેશન તરફથી હોય છે જેમાં વિવિધ વર્કશોપ થકી તાલીમ આપવામાં આવે છે. આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, સીવણ તેમજ હાથથી બનતી તમામ પ્રોડક્ટ્સ કે જેમાં મશીનરીનો નહિવત ઉપયોગ હોય એવી હસ્તકલાઓ શીખવવામાં આવે છે જેથી કરીને આવનાર સમયમાં કોઈપણ પરિસ્થિતિમાં પાછીપાની કરે નહીં એ રીતે તાલીમ અપાય છે એમ હેતાક્ષી ચાંપાનેરીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત યોગા, ધ્યાન, આસન, મેડિટેશન એ અમારું રેગ્યુલર શિડયુલ છે. અમારી બહેનો તરફથી ૨૦૨૩ માં વર્ષનું આ પહેલું વેચાણ છે. રક્ષાબંધન તહેવારને ધ્યાને રાખીને રાખડી તેમજ પૂજાથાળી બનાવાઈ છે હવે ગણેશ સ્થાપના નિમિતે ગણપતિની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ પણ બનાવવાનું શરૂ કરવામાં આવશે. પોતે આર્થિક રીતે આત્મનિર્ભર રહે તે મુખ્ય હેતુ સાથે નારી સંરક્ષણ ગૃહ સતત કાર્યશીલ રહે છે એમ નારી સંરક્ષણ ગૃહના મેનેજર હેતાક્ષી ચાંપાનેરીએ વિગતે જણાવ્યું હતું.









## તંત્રી લેખ...

# આપણે અને તંત્ર બન્ને ભેગા મળી બધાને જાગૃત કરીએ

દેશનું ઋતુચક્ર ફરી ગયું છે. ગમે ત્યારે વરસાદ, વાવાઝોડું, પૂર, તડકો, ઠંડી આવી જતાં લોકો હેરાન-પરેશાન થઈ જાય છે. ગત સપ્તાહે જ આપણે વાવાઝોડા-વરસાદનો સામનો કર્યો. આ અણધારી આફતો માટે દેશ અને રાજ્યમાં આપત્તિ પ્રબંધન-(ડિઝાસ્ટર મેનેજમેન્ટ) કાર્યરત છે. ગુજરાતમાં ૨૦૦૧ના ભૂકંપની દુર્ઘટના બાદ આપદા પ્રબંધન બન્યું અને ૨૦૦૪માં તત્કાલીન વડાપ્રધાન અટલજીએ આપદા માટે પાંચ હજાર કરોડની ફાળવણીની જાહેરાત કરેલી. ભારતમાં મેનેજમેન્ટના ત્રણ સ્તર છે. જિલ્લા સ્તરે આપત્તિની જવાબદારી ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી કે મુખ્ય જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજ્ય સ્તરની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને રાષ્ટ્રીય સ્તરે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ભારતમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) કોઈ પણ પ્રકારની આફતોને પહેંચી વળવા સમર્થ છે. જ્યારે આફતો મોટી હોય ત્યારે જે તે રાજ્ય સાથે એનડીઆરએફ પણ કામે લાગે છે, ગુજરાતનો ભુકંપ, કેદારનાથ આપદા, જેશીમઠ આપદા વગેરે સમયે એનડીઆરએફની સરાહનીય કામગીરીના સૌ સાક્ષી છે. દેશમાં ચાર આર મુજબ સિસ્ટમ કામ કરે છે. રેસ્ક્યુ (બચાવ), રિલિફ (રાહત), રિહેબિલિટેશન (પુનર્વસન) અને રિસેટલમેન્ટ (પુનઃસ્થાપન). કોઈ પણ આપત્તિ વખતે લોકો ફસાય, મૃત્યુ પામે, ઘાયલ થાય અથવા ફસાઈ જાય, એ સ્થિતિમાં આપત્તિ પ્રબંધન ૭૨ કલાકમાં ફોરઆરની કામગીરી આરંભી દે છે. આ સિસ્ટમ હજુ વધુ મજબૂત બની શકે તેમ છે. આ સંજોગોમાં વિશ્વની આપત્તિ વ્યવસ્થાઓ પણ જોવી રહી, અમેરિકામાં પ્રથમ સ્થાનિક પ્રશાસન તાત્કાલિક કામે લાગે, આપત્તિ મોટી હોય તો સ્ટેટ અને વધુ જોખમ હોય તો ફેડરલ ઈમર્જન્સી મેનેજમેન્ટ ટીમ કામે લાગે, જાપાનની ભૌગોલિક સ્થિતિ મુજબ વારંવાર ભૂકંપ આવે, આથી પ્રબંધનની ટ્રેનિંગ, મેનેજમેન્ટ અને ડ્રિલ બાળપણથી શાળાઓમાં જ શીખવાડાય, ત્યાંનું આપત્તિ પ્રબંધન ઈન્ડોર અને આઉટડોર બે ભાગમાં વહેંચાયેલું છે. તેઓ હવામાન વિભાગ સાથે સમન્વય કરીને લોકોને એલર્ટ કરે છે. નવતર પ્રયોગરૂપે દેશમાં ડિઝાસ્ટર એફ.એમ. સર્વિસ ચાલે છે, જે લોકોને સતત હવામાનની જાણકારી આપીને એલર્ટ રાખે છે. સરકાર ખોવાયેલા અને ફસાયેલા લોકોને બચાવવા માટે ઈન્ટરનેટનો ટુલ તરીકે ઉપયોગ કરે છે. અન્ય દેશોનાંય આવાં ઉદાહરણો છે, વિશ્વમાં ઈન્ટિગેટેડ ઈન્ફોર્મેશન સિસ્ટમ અને અવેરનેસને ખૂબ મહત્ત્વ અપાય છે. આપણે પણ એ પ્રયોગોમાંથી નવું ગ્રહણ કરીને આપત્તિ પ્રબંધનને વધુ પ્રભાવી કરી શખીએ.

### લેટ નાઇટ પાર્ટીમાં જતા લોકો સાવધાન બને...

## નાઇટ પાર્ટી સજા તરીકે છે





તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોંકાવનારા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લેટ નાઈટ પાર્ટી સજા સાબિત થઈ શકે છે. પોતાના લાંબા અને તણાવ ભરેલા કામની થાકને ઉતારવા માટે સામાન્ય રીતે લોકો લેટ નાઈટ પાર્ટીમાં ભાગ લે છે. લેટ નાઈટ પાર્ટીમાં જતા લોકોને ચેતવણી આપી દેવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોડા સુધી કામ, બીજી બાજુ તેનાથી બહાર નીકળવા માટે મોડા સુધી જાગવાની બાબત અને પાર્ટીઓમાં આડેધડ ખાવા પીવાની ચીજવસ્તુના લીધે પુરુષ નપુંસકતાનો શિકાર થઈ શકે છે. બીજી બાજુ મહિલાઓમાં ફર્ટિલિટીને લઈને તકલીફ આવી શકે છે. તાજેતરમાં જ એમ્સના કૃતિમ ગર્ભ કેન્દ્રમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે આવા લોકોમાં રી પ્રોડક્ટિવ દર ઘટી જાય છે. લાંબા સમય સુધી કામ કર્યા બાદ પણ ઉંઘ પુરી નહી કરતા લોકોમાં ઘણી તકલીફ ઉભી થાય છે. એવા ૧૨૪ દંપતિઓને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે કોઈને કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરે છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ તંગદીલીને ઘટાડવા માટે સામાન્ય રીતે લોકો એવા કામ કરે છે જે જેનાથી રાહત મળે છે. કેટલાક લોકો આના માટે લેટ નાઈટ પાર્ટીને મહત્વપૂર્ણ ગણે છે. આ પાર્ટી મોડી રાત સુધી ચાલતી હોય છે આનાથી ઉંઘ પુરી થઈ શકતી નથી. આવી પાર્ટીઓમાં કોકટેલ અને નોકટેલ ડ્રીંક પણ હોય છે. સ્મોકિંગ પણ મોટા પાયે થાય છે. આનાથી દંપતિઓ પોલિસિસ્ટીક સિન્ડ્રોમના શિકાર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે આશરે ૧૫થી ૨૦ ટકા દપંતિ આ સિન્ડ્રોમના શિકાર થઈ ચુક્યા છે. તેમની લાઈફ સ્ટાઈમાં જંગફુડ પણ આના કારણોમાં સામેલ છે. એમ્સના આઈવીએફ સેન્ટરના તબીબનું કહેવું છે કે આનાથી પુરુષોમાં સ્પર્મ ઓછા પ્રમાણમાં બને છે. જ્યારે બીજી બાજુ મહિલાઓમાં હાર્મોન્સનું સંતુલન બગડી જાય છે. ઈંડા બનવાનું પ્રમાણ ઘટી જાય છે. આ તમામની અસર બાળકોના જન્મ સાથે સંબંધિત છે. શરૂઆતમાં આ સિન્ડ્રોમના લક્ષણો દેખાતા નથી. મહિલાઓ જ્યારે સગર્ભા થતી નથી અને ચકાસણી માટે તબીબો પાસે જાય છે ત્યારે આ વાતની જાણ થાય છે. મહિલાઓમાં આ તમામના લીધે ઈન્સ્યુલીન વધે છે.

# હિન્દુ સંસ્કૃતિમાં ભાઈ-બહેનના પવિત્ર સ્નેહને દર્શાવતું ને ઉતરોત્તર સ્નેહ વધારતું આ એક અનેરું પર્વ એટલે રક્ષાબંધન



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



ઘણીવાર વિચાર આવે કે આ એકધારી જિંદગીમાં જો તહેવાર અને ઉત્સવો ન હોય તો લોકોનું શું થાય! કારણ કે સામાજિક સમસ્યા, રાજકીય સમસ્યા, અને વ્યવસાયિક સમસ્યા, તેમજ આજકાલ તો સંબંધો પણ હવે અમુક રીતે સમસ્યા જેવા થઈ ગયા છે, એટલે કે એમ કહી શકાય કે ચારે બાજુથી નિરાશાનો અંધકાર હોય ત્યાં, કોઈ જીવવાનું કારણ મળે એવું આશાનું કિરણ આ તહેવારો અને ઉત્સવો આપણને પૂરું પાડે છે. એટલે આજકાલ પ શ્ચિમની સંસ્કૃતિમાં ઉજવાતા મધર્સ ડે, વિમન્સ ડે, મેન્સ ડે, ફાધર્સ ડે, સિસ્ટર્સ ડે, બ્રધર્સ ડે, વગેરે ઉજવવાની આપણે ત્યાં પણ એક પરંપ રા શરૂ થઈ છે. શ્રાવણ એટલે ભક્તિનો મહિનો તો ખરો જ! પણ સાથે સાથે તહેવારનો મહિનો પણ ખરો. આપણે કોઈ નું અનુકરણ કરવાની જરૂર નથી કારણ કે આપણી સંસ્કૃતિમાં તો દરેક સંબંધનું મહત્વ વધારતા કોઈને કોઈ તહેવાર છે. શ્રાવણમાં ભાઈ બહેનના પવિત્ર સંબંધને મજબૂત બનાવતો તહેવાર પણ આવે છે. દરેક બહેન અને ભાઈ આ તહેવારની રાહ જોતા હોય છે, અને રક્ષાબંધનને કંઈ રીતે ખાસ બનાવવી એવું વિચારે છે. આ વખતે તો ચંદ્રાયન ૩ નું ચંદ્ર પર સફળતાપૂર્વક લોન્ચિંગ થયું એટલે સોશ્યલ મીડિયા પર,'' ધરતી માતા પહોંચી ચંદા મામા ને રાખડી બાંધવા'' એવાં સુંદર અને આપ ણી સંસ્કૃતિની ઊંચાઈ દેખાડતા મેસેજ પણ આવે છે. શ્રાવણ સુદ પૂનમ એટલે કે શ્રાવણી પૂનમ, નાળિયેરી પૂનમ, અને રક્ષાબંધનને નામે ઓળખાતો તહેવાર છે. આપણે ત્યાં હિન્દુ સંસ્કૃ તિમાં ભાઈ-બહેનના પવિત્ર સ્નેહને દર્શાવતું ને ઉતરોત્તર સ્નેહ વધારતું આ એક અનેરું પર્વ છે, જેમાં બહેન પોતાનાં ભાઈના હાથે રક્ષાસૂત્ર એટલે કે રાખડી બાંધી અને ભાઈ તેની રક્ષા કે સમયે મદદનું કરે એ વિશ્વાસથી રાખડી બાધે છે,આ ઉપરાંત બહેન ભાઈનાં કપાળમાં તિલક કરી પોતાના ભાઈનું જીવન સદાય સુખી અને આનંદ ભર્યું રહે, શરીર સ્વસ્થ રહે, તેમજ જીવનના દરેક મુકામે સફળતા પ્રાપ્ત કરે, એવા આશિષ વરસાવે છે. એટલે રક્ષાબંધન નિમિત્તે અન્ય ભાવની લેણાંદેણી હોતી નથી. બહેન પ્રત્યે ભાઈને કાયમ સ્નેહભરી લાગણી હોય છે, અને બહેનને પણ પોતાના ભાઈથી વધુ કંઈ જ હોતું નથી. આવા નિર્દોષ નિખાલસ અને અનન્ય પ્રેમનું પર્વ એટલે રક્ષાબંધન. ભારતમાં આ તહેવાર ખુબજ ધામધુમથી ઉજવવામાં આવે છે, આ સાથે આ પૂનમને શ્રાવણી પૂનમ પણ કહેવામાં આવે છે. દરિયા કિનારાના માછીમાર ભાઈઓ દરિયાદેવની ચોખા ફૂલ અને નાળિયેરથી પૂજા કરે છે, ત્યારે બહેનો પોતાના માછીમાર ભાઈઓને રાખડી બાંધે છે,નાળિયેરીની પૂજા કરે છે, તેથી તેને નાળિયેરી પૂનમ પણ કહેવામાં આવે છે. ભારતમાં આ તહેવાર શું કામ મનાવવામાં આવે છે, એના કોઈ ચોક્કસ કારણો મળતાં નથી. પરંતુ પુરાણો સાથે ક્યાંક તેની વાત જોડાયેલી છે ખરી, એવું અધ્યયનથી દેખાય રહ્યું છે. રક્ષાબંધનનો તહેવાર આમ તો દ્વાપર યુગથી શરૂ થયો હશે, કારણ કે કૃષ્ણના જીવન સાથે એના છેડા અડેલા છે. શ્રીકૃષ્ણના કાકી શ્રુત દેવી એ એક પુત્રને જન્મ આપ્યો જે દેખાવે ખૂબ જ વિચિત્ર હતો. તેને ચાર હાથ અને ત્રણ આંખ હતી, તેના જન્મ સમયે જ ભવિષ્યવાણી કે આકાશવાણી થઈ અને કહેવામાં આવ્યું કે આ બાળકને જેનાં સ્પર્શથી સુંદર દેખાવ પ્રાપ્ત કરશે, એના જ હાથે તેનું મૃ ત્યુ પણ થશે. એકવાર શ્રી કૃષ્ણ શ્રુત દેવી નાં ઘરે જાય છે, અને નાના શિશુપાલને પોતાના હાથેથી તેડી લે છે, બરાબર એ જ સમયે બાળક સુંદર દેદીપ્યમાન સ્વરૂપ ધારણ કરે છે, અને તેના કાકી એટલે કે શ્રુત દેવી ખૂબ જ રાજી થઈ જાય છે. પરંતુ આકાશવાણી યાદ આવતા તેને થાય છે કે મારા પુત્રનું મૃત્યુનું કારણ પણ શ્રીકૃષ્ણ બનશે, આથી તે પોતાના પુત્રની સલામતી માટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે, અને કહે છે કે મારા પુત્રનું આયુષ્ય તમારે હાથે છે, તો ક્ષમા કરો. શ્રીકૃષ્ણ કાકી ને વચન આપે છે કે હું ૧૦૦ ભૂલ સુધી માફ કરીશ, પરંતુ ૧૦૧મી ભૂલે તેનો વધ થશે. શિશુપાલ ધીરે ધીરે મોટો થતો જાય છે, અને એક અત્યંત ક્રૂર વ્યક્તિ બને છે. જે આગળ જઈને એક રાજા પણ બને છે, જ્યાં તે તેની પ્રજા પર ખૂબ જ ત્રાસ ગુજારે છે,અને પ્રજાને ચૂપ ચાપ તેનો ત્રાસ સહન કરવો પડે છે, આ ઉપ રાંત તે શ્રીકૃષ્ણ ને વારંવાર પડકાર કરે છે. એક વખત રાજસભામાં શિશુપાલ પોતાની હદ પ ાર કરી જાય છે, અને શ્રીકૃષ્ણની ખૂબ નિંદા કરે છે. ૧૦૦ વાર સુધી શ્રીકૃષ્ણ તેને માફ કરે છે પ રંતુ ૧૦૧ મી વારે શ્રીકૃષ્ણ સુદર્શનચક્રથી શિશુ પાલનું મસ્તક છેદી નાખે છે, અને ક્રોધમાં તેની આંગળી પણ છેદાઈ જાય છે. ત્યાં હાજર લોકો શ્રીકૃષ્ણની આંગળી પર બાંધવા પાટો શોધવા દોડાદોડ કરે છે, પરંતુ બાજુમાં જ ઊભેલી દ્રૌપદી કંઈ પણ વિચાર્યા વગર પોતાની સાડી ફાડી અને તે શ્રીકૃષ્ણને બાંધી આપે છે, એટલે શ્રીકૃષ્ણ કહે છે, બહેન તેં મારી રક્ષા કરી છે, હું પણ સમયે તમારી રક્ષા કરીશ.આગળના પ્રસંગથી આપણે સૌ જ્ઞાત છીએ કે એક દિવસ કૌરવ-પાંડવો ધૃત ક્રીડા કરી રહ્યા હતા, અને પ ાંડવોની હાર પર હાર થતી હતી, તેમાં તેઓ હવે દ્રૌપદીને દાવ પર રાખી, અને એ દાવ પણ તેઓ હારી ગયાં. આથી કૌરવો ભરી સભામાં દ્રૌપ દીનાં ચીર ખેંચ્યા, અને શ્રીકૃષ્ણ એ સમયે આવી અને તેનું રક્ષણ કર્યું. ત્યારથી આ ભાઈ બહેનના પવિત્ર સંબંધને દર્શાવતો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે.આ ઉપરાંત કહેવાય છે કે માતા કુંતીએ પણ પોતાના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી અને તેને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના કોઠામાંથી પસાર થઈ શક્યો. એકવાર દેવો અને દાનવો વચ્ચે ખૂબ જ લાંબું મહાયુદ્ધ ચાલ્યું હતું, કહેવાય છે કે બાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું, અને દેવતાઓ ચિંતિત થઈ ગયાં, કારણ મોટાભાગના દાનવો વરદાનથી આરક્ષિત હતાં, અને દેવોના દેવ ઈન્દ્ર ગભરાઈ ગયા હતાં, અને તેમણે લગભગ શરણાગતિ સ્વીકારી લીધી હતી, ત્યારે રાણી ઈન્દ્રાણીએ તેમને રક્ષાસૂત્ર બાંધી યુદ્ધમાં મોકલ્યા હતાં, અને કહ્યું હતું કે રક્ષાસૂત્ર તમારી રક્ષા કરશે, અને ત્યારે તેમનો વિજય થયો હતો. ભગવાન વિષ્ણુને પણ બલિ રાજાને ત્યાં દ્વારપાળ તરીકે રહેવું પડ્યું હતું, ત્યારે લક્ષ્મીજીએ બલિરાજાને પોતાનો ભાઈ બનાવી અને વિષ્ણુને છોડાવ્યા હતાં. બલિરાજા એ કહ્યું હતું કે આ રક્ષાબંધન એ એના જીવનનો મહાન દિવસ હતો. આમ રાખડી એટલે કે રક્ષા પોટલી એ રક્ષા કરવાના હેતુથી બાંધવામાં આવે છે, એ આની પરથી સાબિત થાય છે, અને તેથી જ આ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. મોગલ સમયમાં બાદશાહ હુમાયુને રાણી કર્ણાવતી એ રાખડી બાંધી હતી, અને પોતાનો ભાઈ બનાવી તેની રક્ષાનું વચન લીધું હતું.આમ આવાં તો કેટલાંય ઉદાહરણો મળે જેમાં ભાઈ એ રાખડી ની લાજ રાખી હતી.રાખડી કે રક્ષાસૂત્ર એ બાંધનાર ના મનમાં ભરોસો પ્રતિપાદિત કરે છે, અને બંધાવનાર ના મનમાં સાહસ અને વીરતાનાં ભાવ ઊભા કરે છે, જે કાયમ પોતાની બહેનનું રક્ષણ કરવા માટે તૈયાર રહે છે. આ ઉપરાંત આ દિવસે ભાઈ પોતાની બહેનને વીર પસલી પણ આપે છે તેના સ્નેહ પ્રત્યેનું માન દર્શાવે છે.આ ઉપરાંત શ્રાવણ સુદ પૂનમને દિવસે બળેવનો તહેવાર પણ હોય છે, એટલે કે બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે. જનોઈ એટલે કે યજ્ઞોપવિત એ એક એવો સંસ્કાર છે, જે ધારણ કરવાથી કરનારનું રક્ષણ થાય છે. એટલે કે તેનામાં નીતિમત્તા જળવાઈ રહે છે, પ્રમાણિકતા જળવાઈ રહે છે, અને ઈમાનદારી પૂર્વક પોતાનું કર્તવ્ય કર્મ, નિષ્પક્ષ એ કાર્યક્ષેત્રમાં કાર્ય કરે જીવન અને ઊજળું બનાવે છે. જનોઈમાં નવ તાતણા આવેલા હોય છે અને ત્રણ ત્રણમાં ગુંથાયેલા ત્રિ સૂત્રની બની હોવાથી તેને ત્રિસૂત્રી પણ કહેવાય છે',જે અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, અને અર્થવેદ મા પ્રતીકરૂપે ધારણ કરવામાં આવે છે. આમ વેદોનું સ્મરણ રહે, અને આપણી સંસ્કૃતિ મુજબનું જીવન જીવી શકે, એ માટે થઈને ઉચ્ચ વર્ણના લોકોમાં યજ્ઞોપ વિત સંસ્કાર આપવામાં આવતો, જેને કારણે બ્રાહ્મણ જેવું આચરણ બની રહેતું હતું.આ ઉપ રાંત આ રક્ષાસૂત્ર બહેન ભાઈને જ બાંધે એવું નથી, બ્રાહ્મણો પોતાના યજમાનને રક્ષા સૂત્ર બાંધે છે, પુરોહિત પોતાના રાજાને રક્ષાસૂત્ર બાંધે છે, અને હવે તો ઘણા પોતાના કારને કે વાહનને પણ રાખડી બાંધતા જોવા મળે છે, તેમજ ઘરને પણ રાખડી બાંધે છે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા- ૧૧

# કોટિ રૂદ્ર સંહિતામાં દર્શાવેલ અત્રિશ્વર લિંગનો મહિમા જાણીએ



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસમાં શિવ મહિમાનું રસપાન ઉત્સાહ ભક્તિસભર વાતાવરણમાં મેઘરાજાની ગેરહાજરીમાં ગરમીના માહોલમાં મેઘરાજાના આગમન ભર્યા ઈન્તજારમાં કરી રહયા છીએ.તમે બધા પણ વ્રત તપ આરાધના ઉપાસના અભિષેક થકી ભગવાન સદા શિવ ભોળાનાથને રિઝવવા પ્રયત્ન કરો જ છો. પૃથ્વીલોક પર કંકર એટલા શંકર એવું કહેવાય છે. કોટિ રૂદ્ર સંહિતામાં ઋષિમુનિ ઓએ કહ્યું : હે સૂત !તમે સદાશિવ ભોળાનાથના લિંગના સંબંધવાળું મહાત્મ્ય પ્રેમ અને ભાવનાથી જણાવો .આપણે આજે શ્રાવણ માસના શિવ મહિમા ૧૧માં કોટિ રૂદ્ર સંહિતામાં દર્શાવેલ અત્રિશ્વર લિંગનો મહિમા જાણીએ.

સૂતે કહ્યું : હું તમને લિંગોના માહાત્મ્ય વિશે ટૂંકમાં કહીશ, કારણ આખી પૃથ્વી લિંગમય છે. બધાં શિવલિંગોની સંખ્યાની ગણતરી થઈ શકે તેમ નથી. આખું જગત લિંગના આધારે જ ટકી રહ્યું છે. વિશ્વમાં જે કંઈ દશ્ય વસ્તુ છે, તે સર્વ ભગવાન શિવનું જ રૂપ છે. ભોળાનાથે સર્વ લોકો પર કૃપા વરસાવવા માટે જ દેવો, અસુરો અને મનુષ્યો સહિત પાતાળ,સ્વર્ગ અને પૃથ્વીને લિંગ રૂપથી વ્યાપ્ત કર્યાં છે, જ્યારે પણ ભક્તો દ્વારા શિવલિંગનું સ્મરણ, પ્રતિષ્ઠા કે ભક્તિ-ભાવના વરસી છે ત્યાં તેઓ કૃપા વરસાવતા રહ્યા છે. મનુષ્ય લિંગનું પુજન કરી કીર્તિ સુખ, શાંતિ સમૃ દ્ધિ અને સદ્‌ગતિને પામે છે. સૂતજીએ દર્શાવેલ અહીં કેટલાક જાણીતા અને દર્શનીય, પૂજનીય અને મહિમાવંત લિંગોની જાણકારી મેળવીએ. અત્રિશ્વર લિંગનો મહિમા-ચિત્રકૂટ પાસે કામદ વનમાં બ્રહ્માના પુત્ર અત્રિ ઋષિ અને અનસૂયા તપ કરતાં હતાં. અગાઉ કોઈ કાળે એ જગ્યા અનાવૃષ્ટિથી ગ્રસ્ત થયેલ હતી. અન્નજળના અભાવે અસંખ્ય પ્રાણીઓ નાશ પામતાં જોઈ અનસૂયાએ પતિને કંઈ ઉપાય વિચારવા કહ્યું. અત્રિ ઋષિ આસન પર બેસી ત્રણ વાર પ્રાણાયામ કરી પોતે સમાધિમાં લીન થયા. તેમણે આત્મામાં નિર્વિકાર પર જયોતિ શિવભાવનું મન વડે ધ્યાન કરવા માંડ્યું અને અનસૂયાએ તેમની સેવા કરી. તેમણે પાર્થિવ શિવલિંગ કરી માનસિક પૂજા સાહિત્યથી ભોળાનાથનું પૂજન કરવા માંડ્યું. અત્રિના તપ કરતાં પણ અનસૂયા નું શિવપૂજન વધી જતું હતું. એક કાળે અત્રિ તેમના ધ્યાનમાં મસ્ત હતા તેમજ અનસૂયા ભક્તિમાં ઓતપ્રોત હતાં. તેમનાં તપ અને ભજનથી સઘળા દેવો, ઋષિઓ તથા ગંગા સહિત સઘળી નદીઓ તેમના દર્શનાર્થે આવ્યાં. બધાં તેમનાં વખાણ કરતાં કરતાં ચાલ્યાં ગયાં; પણ ગંગા અને શિવ તેમના ભજન થી મોહિત થયાં, તેથી તે ત્યાં જ રહ્યાં. વરસાદ વિના લગભગ ચોવીસ વર્ષો વીતી ગયાં હતાં. એ દરમિયાન મુનિનું તપ અને અનસૂયાનું સેવાકાર્ય ચાલુ રહ્યાં.એક દિવસ અત્રિઋષિ સમાધિમાંથી જાગ્યા અને અનસૂયા પાસે પાણી માગ્યું. અનસૂયા મૂંઝાયાં. તેઓ કમંડળ લઈ ઘોર જંગલમાં પાણી લેવા માટે ગયાં. આ દરમિયાન ગંગાજી સુંદર દેહ ધારણ કરી અનસૂયા પ ાછળ ચાલ્યાં. તેમણે અનસૂયાને પૂછ્યું : “હે દેવી ! તમે આમ કઈ તરફ જઈ રહ્યાં છો અને તમે ઉદાસ કેમ લાગો છે ?' ત્યારે અનસૂયાએ પૂછ્યું : “હે દેવી ! આપ કોણ છો ? ક્યાંથી આવો છો ? તમારા વિશે કહો.'ગંગાજી એ કહ્યું : “ભગવાન શિવજીની તમારી અને તમારા પ તિની સેવા- ભક્તિથી પ્રસન્ન થઈ હું સ્વયં ગંગા અહીં આવી છું. તમે શું ઈચ્છો છો ?' અનસ્યાએ જળ માગ્યું,ત્યારે ગંગાજીએ તેમને ખાડો ખોદવા કહ્યું. અનસૂયાએ ખાડો કર્યો અને તરત જ ગંગા આમ કહી અનસૂયા પાણી લઈ અત્રિ ઋષિ પાસે આવ્યાં અને પાણી પાયું. ઋષિને પાણી કંઈ જુદું જ લાગ્યું. તેઓ પાણી પી ઘણાં સુખ પામ્યાં. તેમણે આજુ બાજુ દૃષ્ટિ ફેરવી જોયું તો વરસાદ હજુ મડ્યો લાગતો ન હતો. તેમણે અનસૂયાને કહ્યું : “વરસાદ વગર તમે પાણી ક્યાંથી લાવ્યા ?” દેવી અનસૂયાએ સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. અત્રિ ઋષિ ને ગંગાજીન દર્શનની ઈચ્છા થતાં તેઓ અનસૂયા સાથે પેલા ખાડા પાસે આવ્યા, ત્યાં ગંગાજી દિવ્ય સ્વરૂપે ઊભાં હતાં. તેમણે ઋ ભાવપૂર્વક દર્શન કર્યાં.તેમણે શિવજીને પણ વંદન કર્યાં.(પછી તે જળમાં સ્નાન કર્યું. અનસુયાએ પણ સ્નાન કર્યું. ત્યારબાદ ગંગાજી એ પોતાના સ્થાને જવા માટે રજા માગી ત્યારે અનસૂયાએ તેમને તપોવનમાં રહેવા પ્રાર્થના કરી, ત્યારે ગંગાજીએ કહ્યું : “હે અનસૂયા ! તમે તમારા સ્વામીના તથા ભોળાનાથના પૂજન-અર્ચન થી થયેલ એક વર્ષનું ફળ મને આપો, તો દેવોનો ઉપકાર કરવા હું અહીં આ સાંભળી અનસ્યાએ પોતાનું એક વર્ષનું પુણ્ય ગંગા નદીને અર્પણ કર્યું. દેવી અનસૂયાનું આ મહાન કાર્ય જોઈ ભોળાનાથ પ્રસન્ન થયા અને ત્યાં પાર્થિવ લિંગમાંથી પ્રકટ થયા અને તેમને દર્શન આપ્યાં પછી વરદાન માગવા કહ્યું,દંપ તી આનંદ વિભોર બની શિવજીનાં દર્શન ) કરી કહેવા લાગ્યાં : “આપ દેવ- દેવી પ્રસન્ન થયાં હો તો આ તપોવનમાં લોક કલ્યાણ- (હેતુ સ્થિર રહો તેમજ લોકોને સુખ દાયી બનાવો.' પરિણામે ત્યાં ગંગા અને શિવ સ્થિર થઈને રહ્યાં. દુઃખનો નાશ કરનાર ‘અત્રિધર' તરીકે શિવ પ્રખ્યાત થયા અને ગંગાજી ત્યાં ખાડામાં અખૂટ જળ વાળ બની રહ્યાં.આ સમાચાર જાણતાં ઋષિઓ અને બ્રાહ્મણો પત્રીઓ સહિત આવી દર્શન કરી કૃતાર્થ થયા. શ્રાવણ માસના દશ દિવસો પુરા મેઘરાજા મહેરબાની કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ. અનસ્યાએ જળ માગ્યું,ત્યારે ગંગાજીએ તેમને ખાડો ખોદવા કહ્યું. અનસૂયાએ ખાડો કર્યો અને તરત જ ગંગા આમ કહી અનસૂયા પાણી લઈ અત્રિ ઋષિ પાસે આવ્યાં અને પાણી પાયું. ઋષિને પાણી કંઈ જુદું જ લાગ્યું. તેઓ પાણી પી ઘણાં સુખ પામ્યાં. તેમણે આજુ બાજુ દૃષ્ટિ ફેરવી જોયું તો વરસાદ હજુ મડ્યો લાગતો ન હતો. તેમણે અનસૂયાને કહ્યું : “વરસાદ વગર તમે પાણી ક્યાંથી લાવ્યા ?” દેવી અનસૂયાએ સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું.અત્રિ ઋષિ ને ગંગાજીન દર્શનની ઈચ્છા થતાં તેઓ અનસૂયા સાથે પેલા ખાડા પાસે આવ્યા, ત્યાં ગંગાજી દિવ્ય સ્વરૂપે ઊભાં હતાં. તેમણે ભાવપૂર્વક દર્શન કર્યાં.તેમણે શિવજીને પણ વંદન કર્યાં. (પછી તે જળમાં સ્નાન કર્યું. અનસુયાએ પણ સ્નાન કર્યું. ત્યારબાદ ગંગાજી એ પોતાના સ્થાને જવા માટે રજા માગી ત્યારે અનસૂયાએ તેમને તપોવનમાં રહેવા પ્રાર્થના કરી, ત્યારે ગંગાજીએ કહ્યું : “હે અનસૂયા ! તમે તમારા સ્વામીના તથા ભોળાનાથના પૂજન-અર્ચન થી થયેલ એક વર્ષનું ફળ મને આપો, તો દેવોનો ઉપકાર કરવા હું અહીં આ સાંભળી અનસ્યાએ પોતાનું એક વર્ષનું પુણ્ય ગંગા નદીને અર્પણ કર્યું. દેવી અનસૂયાનું આ મહાન કાર્ય જોઈ ભોળાનાથ પ્રસન્ન થયા અને ત્યાં પાર્થિવ લિંગમાંથી પ્રકટ થયા અને તેમને દર્શન આપ્યાં પછી વરદાન માગવા કહ્યું,દંપ તી આનંદ વિભોર બની શિવજીનાં દર્શન ) કરી કહેવા લાગ્યાં : “આપ દેવ- દેવી પ્રસન્ન થયાં હો તો આ તપોવનમાં લોક કલ્યાણ- (હેતુ સ્થિર રહો તેમજ લોકોને સુખ દાયી બનાવો.' પરિણામે ત્યાં ગંગા અને શિવ સ્થિર થઈને રહ્યાં. દુઃખનો નાશ કરનાર ‘અત્રિધર' તરીકે શિવ પ્રખ્યાત થયા અને ગંગાજી ત્યાં ખાડામાં અખૂટ જળ વાળ બની રહ્યાં.આ સમાચાર જાણતાં ઋષિઓ અને બ્રાહ્મણો પત્રીઓ સહિત આવી દર્શન કરી કૃતાર્થ થયા. શ્રાવણ માસના દશ દિવસો પુરા મેઘરાજા મહેરબાની કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# તમને પણ છે શાવર લેતી વખતે આ કામ કરવાની ટેવ?



આજકાલ દરેક વ્યક્તિની લાઈફ ખૂબ જ ફાસ્ટ થઈ ગઈ છે અને સમય બચાવવા માટે લોકો જાત જાતની અટકળો અને આઈડિયા લગાવતા હોય છે. આવી જ એક ટેવ ઘણા લોકોમાં એવી પણ જોવા મળે છે કે લોકોને નહાતી વખતે બ્રશ કરવાની ટેવ હોય છે. પરંતુ સમય બચાવવાની ચક્કરમાં આપણે પાડેલી આ ટેવ આરોગ્ય માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આવું કરવું બિલકુલ યોગ્ય માનવામાં આવતું નથી. આ બાબતે વાત કરતાં નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સવારમાં શાવર નીચે ઉભા રહીને સ્નાન કરતી વખતે બ્રશ કરવાથી કયા કયા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે એમ છેપ આવો જોઈએ સ્નાન કરતી વખતે બ્રશ કરવાથી કયા કયા પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. દાંત સારી રીતે સાફ નથી થતાં સ્નાન કરતી વખતે બ્રશ કરવાથી ઓરલ હેલ્થ પર ધ્યાન નથી રહેતું કારણ કે સૌથી પહેલી સમસ્યા એ નડે છે કે આ પાણીનું તાપમાન સિંકમાં આવતા પાણીના તાપમાન કરતાં વધુ ગરમ હોઈ શકે છે જે આપણા આરોગ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. નિષ્ણાતોની વાત પર વિશ્વાસ કરીએ તો આ પાણી બ્રશને નરમ કરી નાખે છે. પરિણામે દાંત સારી રીતે સાફ કરી શકાતા નથી. બીમાર પડી જવાની શક્યતા છે, બીજી સમસ્યા એ છે કે શાવરના હેડમાં બેક્ટેરિયા જામેલા હોય છે અને એ બેક્ટેરિયાં દાંત સાફ કરતી વેળાએ મોમાં જવાની શક્યતાઓ વધારે રહેલી છે. જેને કારણે બીમાર પડવાનું જોખમ વધી જાય છે કે પછી તમારી રોગપ્રતિકારકશક્તિ ઘટી જવાની પણ શક્યતાઓ રહેલી છે.

# મોબાઈલ-કોમ્પ્યુટરનું રેડિયેશન તમારી આંખ અને મગજ માટે છે જોખમી

આજે મોબાઈલ અને કોમ્પ્યુટર વગર માનવ સમાજની કલ્પના કરવી ખૂબ મુશ્કેલ છે. ખરેખરમાં આપણું તમામ કામ હવે મોબાઈલમાં કોમ્પ્યુટર પર નિર્ભર થઈ ગયું છે, પરંતુ આ વસ્તુઓએ આપણને તેમની આદત પાડી દીધી છે. કોરોનાકાળ એ માહિતી ક્રાંતિની ગતિને વેગ આપ્યો છે. લોકો મોબાઈલ અને કોમ્પ્યુટરનો વધુ પડતો ઉપયોગ કરવા લાગ્યા છે. ઘણા લોકો ફક્ત વર્ક ફ્રોમ હોમ જોબ પર જ ખુશ હોય છે પરંતુ મોબાઈલ અને કોમ્પ્યુટર માત્ર માનવ આંખને જ અસર કરતા નથી પરંતુ તેના રેડિયેશન મગજ માટે પણ ખતરો બની શકે છે. જાણો શું કહે છે નિષ્ણાતો.

ડિજિટલ ક્રાંતિ પછી કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન આપણી દિનચર્યાનો એક ભાગ બની ગયા છે અથવા એમ કહીએ કે તમામ કામ તેના પર નિર્ભર બની ગયા છે. આના દ્વારા આપણું કામ કરવું એ આપણી મજબૂરી બની ગઈ છે પરંતુ ઘણા લોકો દિવસનો મોટાભાગનો સમય મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર પર ગેમ રમવામાં, મૂવી જોવામાં પસાર કરે છે. જેના કારણે આંખોનો ભેજ ઓછો થવા લાગ્યો છે. આંખોમાં ભેજ ન હોવાને કારણે આંખોમાં ડ્રાય આઈ સિન્ડ્રોમ જેવી સમસ્યા થાય છે. જેના પછી માઈગ્રેન જેવી મોટી બીમારી પણ થાય છે. નેત્ર ચિકિત્સક ડો.યુસુફ રિઝવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આપણી આંખોમાં



એક પ્રવાહી હોય છે. જેને ઈયર ફિલ્મ કહેવાય છે. ઉંમર વધવાની સાથે તે ઘટવા લાગે છે, જેના કારણે આંખોમાં શુષ્કતા અને બળતરા થવા લાગે છે પરંતુ હવે જ્યારે ઓફિસમાં દરેક ટેબલ પર કોમ્પ્યુટર છે.

દરેક ઉંમરના લોકોના હાથમાં મોબાઈલ આવી ગયા છે ત્યારે તેઓ કોમ્પ્યુટર અને મોબાઈલ સ્ક્રીન પર વધુ સમય વિતાવે છે. તે જોઈને જ પસાર થાય છે, જેના કારણે આ પ્રવાહી સમય પહેલા ઘટવા લાગે છે અને ડ્રાય આઈ સિન્ડ્રોમ જેવી ઘણી બીમારીઓ આંખોમાં થવા લાગે છે. આ સિવાય આંખોમાં શુષ્કતા અને સતત સ્ક્રીનને આંખોથી જોવાથી માઈગ્રેન જેવી બીમારીઓ થાય છે.

કોમ્પ્યુટર કે મોબાઈલ ફોનની સ્ક્રીન પર ઉભરાતી તસવીરો અને તેમાંથી નીકળતો પ્રકાશ, સ્ક્રીન પર રંગોની ગોઠવણ અને યોગ્ય લાઈટ મેનેજમેન્ટના અભાવે પણ આંખોમાં સમસ્યા સર્જાય છે. જો તમે તેને ઘટાડવા કે ટાળવા માંગતા હોવ તો. કમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે ખાસ ચશ્માનો ઉપયોગ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સિવાય કામ કરતી વખતે આંખોને આરામ આપીને અને થોડો સમય સ્ક્રીનથી દૂર રહેવાથી આંખોને થતા જોખમોને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે. ડૉ.રિઝવીના મતે ડ્રાય આઈ સિન્ડ્રોમ એક સાર્વત્રિક સમસ્યા છે. જેના માટે માત્ર કોમ્પ્યુટર અને મોબાઈલનો વધુ પડતો ઉપયોગ જ નથી, પરંતુ કોસ્મેટિક પ્રોડક્ટ્સ, કોલ્ડ ડ્રિંક્સ વગેરે જેવી ખોટી ખાણીપીણી, હેલ્મેટ વગર વાહન ચલાવવાથી પણ ડ્રાય આઈ સિન્ડ્રોમ થાય છે.

શુષ્ક આંખ સિન્ડ્રોમના લક્ષણો, ડ્રાય આઈ સિન્ડ્રોમના લક્ષણોમાં તમે આંખોમાં થાક અનુભવશો, તમે આંખોમાં ભારેપણું-લાલાશ, ચીડિયાપણું અને માથાનો દુખાવો અનુભવી શકો છો.

ડ્રાય આઈ સિન્ડ્રોમ ટાળવા માટેની રીતો ૧-સૌ પ્રથમ તો કોમ્પ્યુટર મોબાઈલનો સતત ઉપયોગ ન કરવો જોઈએ. ૨- કોમ્પ્યુટર સ્ક્રીનને વધુ ઉંચાઈ પર ન રાખવી જોઈએ, કોમ્પ્યુટર પર કામ કરતી વખતે ૩૦-૩૦ સેકન્ડનો આરામ લેવો જોઈએ. ૩-પ્રવાહીનું સેવન અને આહાર યોગ્ય હોવો જોઈએ. ૪- કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સનો વધુ પડતો ઉપયોગ ન કરવો જોઈએ


# ચોમાસામાં આરોગ્યનું રક્ષકઃ તાંબુ



વિદેશમાં પાણી માટે તાંબાની પાઈપ લાઈનો નંખાય છે ત્યારે આપણે તાંબાના વાસણો ભંગારમાં કાઢી રહ્યા છીએ. આજથી પચાસ વર્ષ પહેલા આપણે ત્યાં તાંબાનો સુવર્ણ યુગ ચાલતો હતો એમ તામ્રપત્ર પર લખીને કહી શકાય. અમીર હોય કે ગરીબ દરેકના ઘરમાં પાણિયારે અને રસોડામાં તાંબા પિત્તળના વાસણો અચૂક જોવા મળે, પણ જ્યારથી સ્ટીલ અને પ્લાસ્ટિકની શોધ થઈ છે ત્યારથી ઘરમાંથી તાંબા પિત્તળના વાસણો ગાયબ થઈ ગયા છે. તાંબા પિત્તળના વાસણો ઘરની શોભા જ નહોતા વધારતા પણ કુટુંબના દરેક સભ્યોની સુખાકારી પણ જાળવતા. સોના ચાંદી પછીની ત્રીજા નંબરની ધાતુ એટલે તાંબાના ભૂતકાળ અને વર્તમાન કાળની વાતો આજે જાણીએ. તાંબાને આપણે ત્યાં એટલી પવિત્ર ધાતુ ગણાવામાં આવે છે કે ઘર કે મંદિરમાં પૂજા-અર્ચના પ્રસંગે આજે પણ તાંબાના વાસણો વપરાય છે. આજની પેઢીએ કદાચ નામ પણ નહીં સાભળ્યા હોય પણ પૂજાના વાસણોમાં તરભાણી, પ્યાલો, આચમની અને લોટો કે હવનકુંડી તાંબામાંથી બનેલા હોય છે. તાંબાનું આટલું બધું મહત્ત્વ કેમ હશે એવો પ્રશ્ન આજની પેઢીને થાય તો તેનો ઉત્તર છે કે તાંબુ એટલે ઑલ રાઉન્ડર ધાતુ. આપણા બાપદાદાઓ રાત્રે તાંબાના લોટામાં પાણી ભરીને સવારે પીતા એ આરોગ્યદાયક હતું. તાંબાના લોટાના સંસર્ગમાં આવતું પાણી જંતુમુક્ત તો બની જાય છે સાથે સાથે તેમાં થોડા તાંબાના અંશો ભળી જતાં જે શરીરને ફાયદો કરાવે છે. આ વાત આજે વૈજ્ઞાનિક રીતે પણ પુરવાર થઈ છે. ન્યૂયોર્કના વૈજ્ઞાનિક ડૉ. કૉવેલે કરેલા સંશોધનથી જાણવા મળ્યું હતું કે તાંબાના વાસણમાં પાણી ભર્યુ હોય તો તેમાં રહેલા જંતુઓનો ચાર કલાકમાં સફાયો થાય છે જ્યારે આ જ પાણી સ્ટીલના વાસણમાં ભર્યું હોય તો જંતુઓનો સફાયો થતાં ૩૨ દિવસ લાગી જાય છે. આમ તાંબુ પાણીના શુદ્ધિકરણનું કામ અતિઝડપથી કરે છે અને માણસને અનેક બીમારીઓથી બચાવે છે. તાંબુ આમ કેમ કરી શકે છે એ પણ જાણવા જેવુ છે.

# માથુ દુખે ત્યારે દવા લેવાનું ટાળો, આ દેસી ઉપાયથી મિનિટોમાં રાહત મેળવો

માથુ દુખાવાની ફરિયાદ આમ તો સામાન્ય છે. પરંતુ જ્યારે અતિશય માથુ દુખે ત્યારે વ્યક્તિ કંટાળી જાય છે. આ સમયે દવાનો ઓપ્શન એમના માટે બેસ્ટ છે એમ વિચારે છે, પરંતુ તમને જણાવી દઈએ કે આ ઘરેલુ ઉપાયોથી તમે મિનિટોમાં રાહત મેળવી શકો છો, માથુ દુખવાની સમસ્યા કોઈ પણ વ્યક્તિને થઈ શકે છે. માથુ દુખવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ઘણી વાર વાતાવરણને કારણે તો, કોઈ વ્યક્તિને શરદી-ખાંસીને કારણે માથુ દુખતુ હોય છે. આ સમસ્યામાં આમ તો સામાન્ય છે, પરંતુ વાત કરવામાં આવે તો માથુ દુખે ત્યારે વ્યક્તિ કંટાળી જાય છે. ઘણી વાર સહન પણ ના થઈ શકે એટલું માથુ લોકોને દુખતુ હોય છે. આ સમસ્યામાંથી રાહત મેળવવા માટે લોકો દવા લેતા હોય છે. પરંતુ



પેઈન કિલર લેવાથી હેલ્થને નુકસાન થાય છે. એવામાં તમે આ દેસી ઉપાયો કરો છો તો મિનિટોમાં રાહત થઈ જાય છે. તુલસીઃ તમને સતત માથુ દુખે છે અને તમે રાહત મેળવવા ઈચ્છો છો તો તુલસીના પાન તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. તુલસીના પાનથી મગજને આરામ મળે છે. આ માટે એક કપ



પાણીમાં ત્રણથી ચાર તુલસીના પાન લો અને ઉકાળો. પછી આમાં થોડી માત્રામાં મધ નાખો. હવે આ ચાની જેમ પીઓ. તમે તુલસીની આ ચા પી શકતા નથી તો તુલસીના પાન પણ મોંમા રાખીને ચાવી શકો છો. ગરમ પાણીમાં લીંબુઃ આ એક જોરદાર અસરકારક ઉપાય છે. આ માટે તમે એક ગ્લાસ ગરમ પાણી લો અને એમાં એક લીંબુનો રસ મિક્સ કરો. પછી આ પાણી પીઓ. આ પાણી પીવાથી મિનિટોમાં માથુ દુખતુ બંધ થઈ જશે અને રાહત થશે. ઘણી વાર તમને પેટમાં દુખાવાની ફરિયાદ રહે છે, તો આ પાણી પીઓ. રાહત થઈ જશે. આદુઃ આદુમાં બ્લડ વેસેલ્સ સોજાને ઓછુ કરવામાં મદદ કરે છે. આ ઉપાયથી તમને માથુ દુખવાની ફરિયાદ રહેશે નહીં. આ માટે આદુનો રસ અને લીંબુનો રસ સમાન માત્રામાં લો. આ રસ દિવસમાં બે વાર પીઓ. ફુદીનોઃ માથા દુખાવાની ફરિયાદ સતત રહે છે અને તમે કંટાળી ગયા છો તો ફુદીનો તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. ફુદીનામાં મેંથોલ હોય છે જે તમને માથુ દુખાવાની ફરિયાદમાંથી છૂટકારો અપાવે છે. આ માટે તમે ફુદીનાના પાનનો રસ લઈને માથા પર લગાવો. થોડી મિનિટોમાં દુખાવો ગાયબ થઈ જશે.

## BOLLYWOOD NEWS FLASH

### અનુષ્કા વાસ્તવિક જીવનમાં ખૂબ જ સરળ વ્યક્તિ છે, અભિનેત્રીએ એકવાર તેના ડ્રાઈવરને ૧૨ લાખની કાર ગિફ્ટ કરી હતી



# અભિનેત્રી અનુષ્કા શેટ્ટી કરોડોની સંપત્તિની માલિક

। મુંબઈ, તા.૨૬ ।

બાહુબલી ફેમ અનુષ્કા શેટ્ટી દક્ષિણ ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. આ અભિનેત્રી માત્ર તેના અભિનયથી જ ધમાલ મચાવતી નથી, પ રંતુ તેની સુંદરતાથી પણ લાખો લોકો દિવાના છે. અનુષ્કા શેટ્ટીએ સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ઘણી સુપ રહિટ ફિલ્મો આપી છે. આ જ કારણ છે કે તેને ઈન્ડસ્ટ્રીની ક્વીન પણ કહેવામાં આવે છે. અનુષ્કા છેલ્લા ઘણા સમયથી એક્ટિંગમાં પોતાનો સિક્કો જમાવી રહી છે. આજે અભિનેત્રી કરોડોની સંપત્તિની માલિક છે અને વૈભવી જીવન જીવે છે. અનુષ્કા વાસ્તવિક જીવનમાં ખૂબ જ સરળ વ્યક્તિ છે. અભિનેત્રીએ એકવાર તેના ડ્રાઈવરને ૧૨ લાખની કાર ગિફ્ટ કરી હતી. ઘણા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વર્ષ ૨૦૨૨ સુધીમાં અનુષ્કા શેટ્ટીની નેટવર્થ ૧૧૦ થી ૧૨૦ કરોડની વચ્ચે હતી. એક્ટિંગ સિવાય અનુષ્કા શેટ્ટીને લક્ઝરી કારનો પણ ખૂબ શોખ છે. અભિનેત્રી પાસે મ્સ્ઉ, છેટ્ટૈ ઊપ જેવી અનેક લક્ઝરી કાર છે જેની કિંમત કરોડોમાં છે. બીજી તરફ અનુષ્કાની ફીની વાત કરીએ તો દરેક ફિલ્મમાં પોતાના શ્રેષ્ઠ અભિનયથી ધૂમ મચાવનાર અનુષ્કા ૪ થી ૫ કરોડ રૂપિયાની તગડી ફી લે છે. જેની કિંમત કરોડોમાં છે. બીજી તરફ અનુષ્કાની ફીની વાત કરીએ તો દરેક ફિલ્મમાં પોતાના શ્રેષ્ઠ અભિનયથી ધૂમ મચાવનાર અનુષ્કા ૪ થી ૫ કરોડ રૂપિયાની તગડી ફી લે છે.

### આ વાત તે સમયની છે જ્યારે મનીષા કોઇરાલાએ ઐશ્વર્યા રાય સાથે એક ફેમસ એક્ટર અને મોડેલનું નામ જોડ્યુ હતું

# સલમાન નહીં રાજીવ મૂલચંદાની હતો ઐશ્વર્યા રાયનો પહેલો પ્રેમ

। મુંબઈ, તા.૫ ।

૯૦ના દશકમાં એક્ટ્રેસીસમાં મોટાભાગે કેટ ફાઈટ થતી રહેતી હતી. ક્યારેક કોઈ ફિલ્મને લઈને મનભેદ થઈ જતો તો ક્યારેક એક જ એક્ટરને ડેટ કરવાના કારણે ઝગડા થતા. કેટલાંક ઝગડા તો હદથી વધારે એટલા આગળ વધી જતાં કે આ એક્ટ્રેસીસ મીડિયામાં પણ એકબીજા પર કીચડ ઉછાળતા ખચકાતી ન હતી. આવું જ કંઈક ૯૦ના દશકની બે ટોપ એક્ટ્રેસીસ મનીષા કોઈરાલા અને ઐશ્વર્યા વચ્ચે થયું હતું. તો ચાલો આજે તમને ૯૦ના દશકની આ ફેમસ કેટ ફાઈટ પાછળનું કારણ જણાવીએ. આ વાત તે સમયની છે જ્યારે મનીષા કોઈરાલાએ ઐશ્વર્યા રાય સાથે એક ફેમસ એક્ટર અને મોડેલનું નામ જોડ્યુ હતું. જો તમને લાગતું હોય કે ઐશ્વર્યાનું નામ પહેલીવાર સલમાન ખાન સાથે જ જોડાયુ હતું તો એવું બિલકુલ નથી. વર્ષ ૧૯૯૪માં છપાયેલા એક્ટ્રેસ મનીષા કોઈરાલાના એક ઈન્ટરવ્યુ અનુસાર, મોડેલ રાજીવ મૂલચંદાનીએ તેના કારણે ઐશ્વર્યા રાય સાથે બ્રેકઅપ કરી લીધું હતું. જો કે ઐશ્વર્યા હંમેશાથી કહેતી આવી છે કે, તે અને રાજીવ માત્ર સારા મિત્રો હતાં. આ વાત સામે આવ્યા બાદ ઐશ્વર્યાની રાતોની ઉંઘ ઉડી ગઈ હતી.



# જોન અબ્રાહમ એક્ટર ન હોત તો મિકેનિક હોત : અભિષેક

। મુંબઈ, તા.૨૬ ।

અભિષેક બચ્ચન અને જોન અબ્રાહમની વચ્ચેની મિત્રતા જગજાહેર છે. અભિષેકે કહ્યું કે જોન એક્ટર નહીં પણ મિકેનિક હોવો જોઈએ. તેમને બાઈક ખૂબ જ પસંદ છે. તે બાઈક ચલાવવા ઉપરાંત તેને એસેમ્બલ પણ કરે છે. તેમને બાઈક સાથે ટિંકરિંગ પસંદ છે. નસીબે તેને એક્ટર બનાવ્યો, નહીં તો તે ક્યાંક મિકેનિક બની ગયો હોત. અભિષેકે એક જૂના ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, જોન અબ્રાહમે જ તેમને બાઈક ચલાવતા શીખવ્યું હતું. અગાઉ અભિષેક બાઈક ચલાવતી વખતે ડરી ગયો હતો. બંને કલાકારોએ 'ધૂમ' ફિલ્મમાં કામ કર્યું હતું. ફિલ્મનો સેન્ટર પોઈન્ટ સુપર બાઈક રાખવામાં આવ્યો હતો. અભિષેક બચ્ચન તેમની આગામી ફિલ્મ 'ઘૂમર'ને કારણે ચર્ચામાં છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન તેને બાઈક પર કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.મારો એક મિત્ર છે, જોન અબ્રાહમ. મને લાગે છે કે તેમને ખરેખર બાઈક ગમે છે. તેઓ પહેલાં બાઈકને તોડી નાખે છે અને પછી તેને એસેમ્બલ કરે છે. તેમને આ કામમાં ખૂબ આનંદ આવે છે. હું તેમની પાસેથી બાઈક વિશે ઘણું શીખ્યો છું. અભિષેકે કહ્યું હતું કે જોને તેમને પહેલીવાર બાઈક ચલાવતા શીખવ્યું હતું. આ ફિલ્મ ધૂમના સમયની વાત છે. અગાઉ અભિષેકને બાઈક કેવી રીતે ચલાવવું તે આવડતું ન હતું. તેમને બાઈક ચલાવવાની પણ મંજૂરી નહોતી. અભિષેક પિતા અમિતાભ બચ્ચન અને માતા જયાથી ડરતા હતા. અભિષેકે કહ્યું, મને બાઈક કેવી રીતે ચલાવવી તે આવડતું ન હતું. મેં થોડા સમય પહેલાં (ધૂમ) ફિલ્મમાં બાઈક ચલાવી હતી, પરંતુ તેઓએ મને ટ્રોલી પર બેસાડીને શોટ લીધો હતો.

# ઇમરાન ખાને ફિલ્મ લકની થ્રો-બેક તસવીર શેર કરી

। મુંબઈ, તા.૨૬ ।

આમિર ખાનનો ભત્રીજો અને એક્ટર ઈમરાન ખાન આજકાલ ઈન્ડસ્ટ્રીમાં પોતાના કમબેકના સમાચારોને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન ઈમરાન ફરી એકવાર સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈ ગયો છે. ઍક્ટરે કમબેકનો સંકેત આપ્યા પછી, અભિનેતાએ બુધવારે તેની ૧૪ વર્ષ જૂની ફિલ્મ લકના સેટ પરથી તસવીરો શેર કરી. આ દરમિયાન તેણે શૂટિંગ સાથે જોડાયેલી ખતરનાક વાતો પણ કહી છે. તસવીરો શેર કરતાં ઈમરાને ખુલાસો કર્યો કે, ફિલ્મના એક સીનનું



શૂટિંગ કરતી વખતે પોપચા બળી ગયા હતા કારણ કે તે અસલી આગ સાથે શૂટિંગ કરી રહ્યો હતો. ઈમરાને એ પણ જણાવ્યું કે તે અસલી એરક્રાફ્ટ પર લટકી રહ્યો હતો. અસલીમાં ઈમરાને લકના સેટ પરથી કેટલીક ન્જી તસવીરો શેર કરી હતી. એક તસવીરમાં અભિનેતા આગની વચ્ચે છત્રી લઈને ઊભો જોવા મળ્યો હતો. બીજા અને ત્રીજા ફોટામાં તે સેસ્ના એરક્રાફ્ટમાં એક્શન સીન શૂટ કરતો જોવા મળે છે. પોતાની ફિલ્મનો ઉલ્લેખ કરતા ઈમરાને લખ્યું, નસીબની વાત કરીએ તો મને આ જૂની તસવીરો મળી અને મને લાગ્યું કે તેને શેર કરવી રસપ્રદ રહેશે. હા, આ અસલી આગ છે. છત્રીએ મને સૂર્ય પ્રકાશથી બચાવ્યો હતો. પરંતુ જ્વાળાઓથી નહીં. અસલીમાં એક ટેક દરમિયાન મારા પોપચા બળી ગયા હતા. જ્યારે જ્વાળાઓ મારી ખૂબ નજીક આવી હતી. ઈમરાને વધુમાં લખ્યું, 'હા હું ખરેખર ઉડતા સેસના એરક્રાફ્ટના બહારના ભાગ સાથે જોડાયેલો હતો.

# બડી દૂર સે આયે હૈ ફેમ શ્રૃતિ રાવતનું લગ્નજીવન તૂટ્યું

। મુંબઈ, તા.૫ ।

ઈવેન્ટ ઓર્ગેનાઈઝર નિખિલ અગાવને સાથેના શ્રૃતિ રાવતના સાડા છ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે. વર્ષ ૨૦૧૬ના નવેમ્બર મહિનામાં લગ્ન કરનારી આ એક્ટ્રેસને સોમવારે (૩૧ જુલાઈ) છૂટાછેડા મળ્યા હતા. પૂર્વ દંપતીને ચાર વર્ષની દીકરી છે. પતિ સાથે અલગ થવાના પોતાના નિર્ણય વિશે વાત કરતાં તેણે કહ્યું હતું કે 'અમારી વચ્ચે જીવન પ્રત્યેના અભિપ્રાય અને અલગ-અલગ દ્રષ્ટિકોણના કારણે અવારનવાર મતભેદ થતા હતા. જેના લીધે અમે આખરે પ્રેમીથી જ જુદા-જુદા માર્ગે ચાલવાનું નક્કી કર્યું હતું. જો કે, અમે પરસ્પર સમજૂથી અલગ થયા છીએ અને હંમેશા સારા મિત્રો બનીને રહીશું.



અમારા બંનેની પ્રાથમિકતા હવે અમારી દીકરીને શ્રેષ્ઠ કો-પેરેન્ટિંગ પૂરું પાડવાની છે. આ વર્ષના જાન્યુઆરી મહિનામાં ડિવોર્સ ફાઈલ કરતા પહેલા પૂર્વ દંપતીએ ઘણી ચર્ચા-વિચારણા અને મનોમંથન કર્યું હતું, કારણ કે તેમના આ નિર્ણયથી દીકરી પર પણ થોડી અસર પડે તેમ હતી. શ્રૃતિ રાવતે કહ્યું હતું કે 'તે ખરેખર અઘરો નિર્ણય હતો. જો કે, મારું માનવું છે કે જો બે વ્યક્તિ એકબીજા સાથે ખુશ ન હોય અથવા અનુકૂળતા ન અનુભવતી હોય તો અલગ થઈ જવું જ વધારે સારું રહે છે. સંબંધોને કેમ જબરદસ્તીથી ખેંચવા? પ્રેમ વગરના લગ્નજીવનમાં રહેવું અથવા તેવી વ્યક્તિ સાથે રહેવું જેની સાથે તમે ખુશ નથી, તેના કરતાં અલગ થઈ જાઓ. તેમા બંને ગૂંગણામણ નહીં અનુભવે. આ અમારી દીકરી માટે પણ થોડું અન્યાયી રહેશે. પરંતુ એક તૂટેલો પરિવાર આપવો તેના કરતાં બે સુખી ઘર આપવા તે તેના માટે વધારે સારો વિકલ્પ છે. વ્યક્તિગત રીતે અમે ખુશ છીએ અને હું સ્વતંત્રતાની લાગણી અનુભવી રહી છું'. નિષ્ફળ લગ્નજીવન બાદ પણ શ્રૃતિનો પ્રેમ અને રિલેશનશિપમાં વિશ્વાસ યથાવત્ છે. તેણે કહ્યું હતું કે 'હાલ હું સિંગલ છું ત્યારે મને લગ્ન અને સાથીદારનો વિચાર ગમે છે. ભૂલ કરવી તે સ્વાભાવિક છે, પરંતુ તેમનાથી કંઈક શીખવું જોઈએ. હાલ હું મારા સપનાને પૂરા કરવામાં લાગી છું અને બાકી બધા કરતાં કરિયરને પ્રાથમિકતા આપી રહી છું. હું ફરીથી પ્રેમમાં પડવા તૈયાર છું અને મારા ભવિષ્ય માટે ઉત્સાહિત છું. હકીકતમાં, હું નિખિલ માટે પણ ઈચ્છું છું કે તે એક સારી છોકરી શોધી લે છે, જે તેને પ્રેમ આવી શકે અને તે ફરીથી ઠરીઠામ થઈ જાય.

ન્યૂઝ બ્રિફ

## રાજ્યમાં પ્રાથમિક શાળામાં ૧૦ હજાર શિક્ષકોની ઘટ

। અમદાવાદ, તા.૨૬ ।

એક તરફ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓને અદ્યતન સુવિધા વાળી અને સ્માર્ટ શાળાઓ બનાવવામાં આવી રહી છે. શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ આવી શાળાઓમાં જેમને જ્ઞાન પીરસવાનું છે એ શિક્ષકોની જ જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે જે પુરી કરવા માટે મુખ્યમંત્રી સુધી રજૂઆત પહોંચી છે. આ મામલે રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘએ મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ધોરણ ૧થી ૫ શિક્ષકોની ઘટ વધારે છે. ન્યૂઝ ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મનોજ પટેલએ જણાવ્યું છે કે, રાજ્યમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી છે. અમારે પત્ર લખવો પડ્યો છે કે રાજ્ય સરકારે હાલમાં ટેટ ૨ના આધારે શિક્ષકોની ભરતી કરી છે તો ટેટ-૧ના પણ ઘણા બધા ઉમેદવારો છે. પ્રાથમિક શાળામાં જે શિક્ષકોની ઘટ છે અને ધોરણ ૧થી ૫માં મોટી ઘટ છે તો ટેટ વનના ઉમેદવારોની ભરતી કરવામાં આવે તેવી અમારી રજૂઆત છે. ઘણા ઉમેદવારોએ અત્યારે ટેટ-૧ પાસ કરી છે તેવા ઉમેદવારો હાલ છે તેઓની ભરતી કરવામાં આવે તો તેઓને કામ મળે અને ધોરણ ૧થી ૫માં શિક્ષકોની ઘટ પણ ઓછી થાય તેવા ઉદેશ સાથે રજૂઆત કરી છે. હિન્દી માધ્યમમાં પણ ઘણા સમયથી શિક્ષકોની ઘટ છે. જો ટેટ-૧ના શિક્ષકોની ભરતી થાય તો તે હિન્દી માધ્યમમાં પણ શિક્ષકો મળી શકે તવી રજૂઆત છે આ મામલે અમે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરને પત્ર લખી રજૂઆત કરી છે. મહત્વનું છે કે, જે રીતે શાળાઓને રંગરોગાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ કરી સ્માર્ટ બનાવવામાં આવી રહી છે.

### સોના-ચાંદી રાખડી ખરીદવા લોકો થયા ક્રેઝી

# રક્ષાબંધનને લઈને ગોલ્ડ-સિલ્વરની રાખડી ખરીદવાનો ક્રેઝ વધુ

### ચાંદી પહેરવાથી મન શાંત રહે છે અને તણાવ દૂર થાય છે, તે માટે હાલ માર્કેટમાં ચાંદીની રાખડીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે

। રાજકોટ, તા.૨૬ ।

રક્ષાબંધનને લઈ શહેરના માર્કેટમાં રાખડી ખરીદવા માટે બહેનોની ભીડ જોવા મળી રહી છે. આ વર્ષે રાજકોટમાં બીજી રાખડીઓ કરતા ગોલ્ડ-સિલ્વરની રાખડી ખરીદવાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. ચાંદી પહેરવાથી મન શાંત રહે છે અને તણાવ દૂર થાય છે. તે માટે હાલ માર્કેટમાં ચાંદીની રાખડીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. રક્ષાબંધનના દિવસે બહેન ભાઈને રક્ષા સૂત્ર બાંધીને તેના લાંબા આયુષ્ય માટે કામના કરે છે. તો બીજી તરફ બહેનોને ગિફ્ટ આપી ભાઈ તેની રક્ષાનું વચન આપે છે. આ વખતે રક્ષાબંધનનો તહેવાર ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવશે. ત્યારે રાજકોટમાં સોના-ચાંદીની રાખડી ખરીદવાનો ટ્રેન્ડ ચાલ્યો છે. રાજકોટમાં બનતી સોના-ચાંદીની રાખડી માત્ર રાજકોટમાં જ નહીં



પરંતુ બહાર અન્ય રાજ્યોમાં પણ ધૂમ મચાવી રહી છે. રાજકોટના એક જ્વેલર્સ પાસે ચાંદીમાં ૧૦૦થી વધુ ડિઝાઈન અને સોનાની રાખડીમાં લગભગ ૨૦ ડિઝાઈન ઉપલબ્ધ છે. જેથી રાજકોટ, ગુજરાત સહિત વિદેશમાંથી પણ આ જ્વેલર્સને રાખડીના ઓર્ડર મળી રહ્યાં છે. VG ગોલ્ડ જ્વેલર્સના સિદ્ધાર્થ સાહોલિયાએ જણાવ્યું હતું કે, ઓમ, સ્વસ્તિક, હેપ્પી બ્રધર, બેસ્ટ બ્રધર સહિતની રાખડીના વધારે ઓર્ડર મળે છે. એવું માનવામાં આવે છે કે, ચાંદીએ ચંદ્રનું પ્રતીક અને મનનું કારક છે. જેથી બહેન જો ભાઈને ચાંદીની રાખડી બાંધે છે તો ભાઈની કુંડળીમાંથી ચંદ્ર દોષ દૂર થાય છે. આ સાથે જ નબળો ચંદ્ર મજબૂત બને છે અને મન સ્થિર રહેવાની શક્યતા વધી જાય છે સાથે જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે. રાજકોટમાં અત્યારે ઓમ અને મહાદેવના પ્રતીકવાળી ચાંદીની રાખડી ખૂબ જ ધૂમ મચાવી રહી છે. એવું માનવામાં આવે છે કે, ચાંદીએ ચંદ્રનું પ્રતીક અને મનનું કારક છે. જેથી બહેન જો ભાઈને ચાંદીની રાખડી બાંધે છે તો ભાઈની કુંડળીમાંથી ચંદ્ર દોષ દૂર થાય છે. આ સાથે જ નબળો ચંદ્ર મજબૂત બને છે અને મન સ્થિર રહેવાની શક્યતા વધી જાય છે સાથે જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે. રાજકોટમાં અત્યારે ઓમ અને મહાદેવના પ્રતીકવાળી ચાંદીની રાખડી ખૂબ જ ધૂમ મચાવી રહી છે. આ વખતે માર્કેટમાં રાખડીનો આખો કોમ્બો પણ જોવા મળી રહ્યો છે.જેમ કે અટ્રેક્ટીવ બોક્સમાં ચાંદીની રાખડી, ભાઈનું મોંઢુ મીઠુ કરાવવા માટે ચોકલેટ અને કંકુ-ચોખા.એટલે આ પ્રકારની રાખડીના અત્યારે માર્કેટમાં ટ્રેન્ડિંગમાં જોવા મળી રહી છે. રાજકોટના માર્કેટમાં અત્યારે ચાંદીની રાખડી તમને ૧૦૦ રૂપિયાથી લઈને ૨૦૦૦ રૂપિયા સુધીની રાખડી મળી રહેશે. જ્યારે સોનાની રાખડી ૩ હજાર રૂપિયાથી લઈને ૧૫ હજાર રૂપિયા સુધીની મળી રહેશે. એમાં પણ રાજકોટના જ્વેલર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રાખડીઓનો ઉપયોગ હાથમાં પહેરવાના બ્રેસલેટ તરીકે પણ થાય છે. લોકોનું કહેવું છે કે, ભાઈ અને બહેન વચ્ચે રહેલા પ્રેમની આ એક અનોખી ભેટ છે.


### દેશની ૧૦૦ ટોચની સ્માર્ટ સિટીમાં ઇન્દોર પ્રથમ ક્રમે છે

# સમગ્ર દેશના ૧૦૦ સ્માર્ટ સિટીના લિસ્ટમાં સુરત બીજા ક્રમે પહોંચ્યો

### ગત વર્ષે ઓક્ટોબરમાં ઇન્દોરને સતત છઠ્ઠી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયુ હતું

। સુરત, તા.૨૬ ।

સુરત સ્માર્ટ સિટીમાં બીજા ક્રમે આવ્યું છે. આગામી ૨૭ સપ્ટેમ્બરના રોજ ઈન્દોર ખાતે આયોજિત સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ દ્વારા એવોર્ડ એનાયત કરાશે. દેશની ૧૦૦ ટોચની સ્માર્ટ સિટીમાં ઈન્દોર પ્રથમ ક્રમે છે. ઈન્દોરને 'બેસ્ટ નેશનલ સ્માર્ટ સિટી'નો એવોર્ડ મળ્યો છે, જ્યારે ત્રીજા ક્રમે આગ્રા રહ્યું. રાજ્યોમાં મધ્યપ્રદેશને 'બેસ્ટ સ્ટેટ એવોર્ડ'માં બાજી મારી છે. તમિલનાડુ બેસ્ટ સ્ટેટ યાદીમાં બીજા ક્રમે છે. જ્યારે ત્રીજા સ્થાને રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ બંને ચમક્યાં છે. કેન્દ્રશાસિત પ્રદેશની શ્રેણીમાં ચંડીગઢે પહેલું સ્થાન હાંસલ કર્યું છે. ગત વર્ષે ઓક્ટોબરમાં ઈન્દોરને સતત છઠ્ઠી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયુ હતું. બિલ્ટ એન્વાયર્નમેન્ટ માટે કોઈમ્બતુરને ટોચનું સ્થાન મળ્યું




છે. જ્યારે ત્રીજા સ્થાને રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ બંને ચમક્યાં છે. કેન્દ્રશાસિત પ્રદેશની શ્રેણીમાં ચંડીગઢે પહેલું સ્થાન હાંસલ કર્યું છે. ગત વર્ષે ઑક્ટોબરમાં ઈન્દોરને સતત છઠ્ઠી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયુ હતું. બિલ્ટ એન્વાયર્નમેન્ટ માટે કોઈમ્બતુરને ટોચનું સ્થાન મળ્યું છે. આ ઉપરાંત અમદાવાદને કલ્ચર એન્ડ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કેટેગરીમાં, અર્થતંત્ર માટે જબલપુર, ગવર્નન્સ એન્ડ મોબિલિટી માટે ચંદીગઢ, સ્વચ્છતા, પાણી અને શહેરી પર્યાવરણ માટે ઈન્દોર, સામાજિક પાસાઓ માટે વડોદરા, હુબલી ધારવાડની પસંદગી કરવામાં આવી છે. ઈનોવેટિવ આઈડિયા કેટેગરી માટે અને સુરતની કોવિડ ઈનોવેશન કેટેગરી માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત, ઉદ્યોગ માટે પાર્ટનર એવોર્ડ Enviro Control Pvt, L&T કન્સ્ટ્રક્શન અને PwCને આપવામાં આવ્યો છે. ભારતના રાષ્ટ્રપતિ ૨૭ સપ્ટેમ્બરે ઈન્દોરમા ISAC 2022 એવોર્ડના વિજેતાઓને સન્માનિત કરશે.


### સુરતમાં હિટ એન્ડ રન

# બાઇક સવાર ત્રણ મિત્રોને ટ્રક ચાલકે અડફેટે લીધા, એકનું મોત

### પિતા મિલમાં ડિઝાઈનર તરીકે કામ કરે છે અને વિનમ્ર ડીઆરબી ભાણા કોલેજનો વિદ્યાર્થી હતો

। સુરત, તા.૨૬ ।

ડાયમંડ નગરી સુરતમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના બની છે. બાઈક સવાર ત્રણ મિત્રોને ટ્રક ચાલકે અડફેટે લેતા એકનું મોત, એક યુવક નો પગ કચડાયો અને અન્ય એક યુવક નો બચાવ થયો. સુરતમાં સચિનના ગભેણી-બુડિયા વચ્ચે ઘટના બની હતી. હિટ એન્ડ રનની આ દુર્ઘટનામાં પાછળ બેસેલા બે પૈકી એકનો ડાબો પગ કચડાઈ ગયો હતો. સચિન જીઆઇડીસી પોલીસ દ્વારા અજાણ્યા ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતક કોલેજનાં બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સચિનના ગભેણી ગામમાં સારંગ ફળિયામાં રહેતો ૨૧ વર્ષીય વિનમ્ર ખલાસીનું મોત થયું હતું. વિનમ્ર પરિવારમાં મોટો દીકરો હતો. એક નાનો ભાઈ અને માતા-પિતા સાથે રહેતો હતો. તેના પિતા મિલમાં ડિઝાઈનર તરીકે કામ કરે છે અને વિનમ્ર ડીઆરબી ભાણા કોલેજનો વિદ્યાર્થી હતો. ટ્રકચાલક અકસ્માત બાદ ભાગી ગયો હતો. વિનમ્ર પોતાના મિત્રને કામ પરથી પરત લઈ ઘર તરફ આવી રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા ટ્રકના ચાલકે બાઈક સવાર ત્રણ મિત્રોને અડફેટે લઈ ભાગી ગયો હતો. જોકે, આ અકસ્માતમાં એક મિત્રનો આબાદ બચાવ થયો હતો. રોડ ઉપર લોહીલુહાણ હાલતમાં પડેલા વિનમ્ર અને ધ્રુવને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં વિનમ્રને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મૃતકના મિત્ર ધ્રુવનો ડાબો પગ કચડાઈ ગયો હોવાથી તાત્કાલિક ઓપરેશન કરવું પડ્યું હતું. યુવકને કાળમુખી ટ્રક ભરખી જતા પરિવાર સહિત આખું ગામ શોકમાં ગરકાવ થયું હતું. હાલ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કલોલમાં અરવિંદ મિલમાં નોકરી કરતો યુવક સાયકલ લઈને મોટી ભોયણ આવેલ પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે પૂરપાટ નીકળેલા બાઈક ચાલકે સાયકલને ટક્કર મારી હતી આ અકસ્માતમાં સાયકલ સવાર યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ બાબતે મળતી માહિતી અનુસાર જયેશભાઈ વીરચંદભાઈ પરમાર કલોલના ખાત્રજ ગામે આવેલી અરવિંદ મીલમાં નોકરીએ ગયા હતા અને નોકરી પૂરી કરી સાઈકલ લઈ તેવો મોટી ભોયણ ગામે આવેલ ટાટા હાઉસિંગમાં પોતાના ઘરે જઈ રહ્યા હતા તે વખતે બાઈક ના ચાલકે તેનું બાઈક ગફલત ભરી રીતે હંકારીને સાયકલને ટક્કર મારી હતી આ અકસ્માતમાં સાયકલ સવાર જયેશભાઈ ને ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ૧૦૮ મારફતે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.



કોલકાતામાં, ચોમાસાના વરસાદ દરમિયાન રાહદારીઓ રસ્તો ક્રોસ કરવાનો પ્રયાસ કરે છે.

### પત્ની સાથે મિત્રના હતા આડાસંબંધ?

# પોતાની પત્ની સાથે મિત્રના અંગત સંબંધ હોવાની શંકાએ ખેલાયો ખૂની ખેલ

। સુરત, તા.૨૬ ।

શહેરના લસકાણા વિસ્તારમાં આવેલા ડાયમંડનગરમાં હત્યાની ઘટના બની હતી. પત્ની સાથે આડાસબંધની શંકા રાખી પતિ અને પુત્રે જ મિત્રની હત્યા કરી હતી. સરથાણા પોલીસે હત્યારા પિતા અને પુત્રને ઝડપી પાડ્યો હતો. સુરતમાં હત્યાનો સિલસિલો યથાવત હોય તેમ હત્યાની ઘટનાઓ બનતી રહે છે. તેવી જ રીતે સુરતના લસકાણા વિસ્તારમાં આવેલા ડાયમંડનગરમાં હત્યાની ઘટના બની હતી. જેમાં મિત્ર રાજુ સાહુની તેના જ મિત્ર હોશિયાર સાહનાએ હત્યા કરી મોતને ઘાટ ઉતાર્યા હતો. હોશિયારને વહેમ હતો કે તેની પત્ની સાથે રાજુના આડાસબંધ છે. આવો વહેમ રાખી રાજુને તેમના ઘરે રાત્રીના સમયે બોલાવ્યો હતો. રાજુ અને હોશિયાર બને મિત્ર હતા. જોકે, પત્ની સાથે આડાસબંધ હોવાથી શંકાએ હોશિયાર રોષે ભરાયો હતો અને વાતચીત માટે રાજુને ઘરે બોલાવ્યો હતો. રાત્રીના સમયે વાતચીત ઉગ્ર બની હતી અને હોશિયાર અને તેના પુત્રએ મળી રાજુને તીક્ષ્ણ હથિયારના ઘા મારી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. ત્યાર બાદ હોશિયાર અને તેનો પુત્ર ભાગી છૂટ્યા હતા. ત્યાર બાદ મકાન માલિક દ્વારા રાજુને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન રાજુનું મોત થતાં સરથાણા પોલીસે હત્યાનો ગુનો નોંધી.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. આજે ખાલી સમય કોઈક નકામાં કામ માં બગડી શકે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. તમારા કેટલાક સારા કામ માટે આજે કામના સ્થળે તમારૂં સન્માન થશે. આજે તમે નવરાશ ની પળો માં કોઈ નવું કામ કરવા વિશે વિચારશો, પરંતુ આ કામ માં તમે એટલા ફસાઈ શકો છો કે તમારું આવશ્યક કામ પણ ચૂકી જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. જો તમે વ્યસ્ત દિનચર્યા પછી પણ તમારા માટે સમય શોધવામાં સમર્થ છો, તો તમારે આ સમય નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખી લેવું જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારા જીવનસાથી આજ તમને વખાણશે, તમારા વિશે સારી વાત કરશે અને તમારા પ્રેમમાં નવેસરથી પડશે. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આજે તમે તમારા જીવનસાથીની વાતનો ખોટો અર્થ લેશો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારી ચીજો પ્રત્યે બેદરકાર રહેશો તો તે ખોવાઈ શકે છે અથવા ચોરી થઈ શકે છે. તમારા જીવનસાથીના કારણ વગરના બબડાટને કારણે તમે ચીડાશો, પણ તે તમારી માટે કશુંક અદભુત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. કાર્યક્ષેત્ર માં કોઈ કામ અટવાઈ જવા ને કારણે તમારો સાંજ નો કિંમતી સમય બગડી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રોમાન્સ પર અસર પડશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે. તમારો કોઈ જૂનો મિત્ર તમે તમારા જીવનસાથી સાથે વિતાવેલી યાદગાર ક્ષણોની યાદ પોતાની સાથે લઈને આવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. સોશિયલ મિડિયા પર તમને લગ્ન વિશેના મેસેજીસ આવતા હોય છે, પણ આજે તમે આશ્ચર્યચકિત થઈ જશો જ્યારે લગ્નજીવનને લગતી કેટલીક ચોંકાવનારી વાસ્ચવિક્તાઓ તમારી સામે આવશે.

## મોદીને ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પોઈન્ટનું નામ આપવાનો કોણે અધિકાર આપ્યો : અલ્વી

### આપણે ચંદ્રના માલિક નથી, એ લેન્ડિંગ પોઈન્ટના માલિક નથી, આવું કરવું ભાજપની ટેવ હોવાનો કોંગ્રેસના નેતાનો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૨૬ ।

વડાપ્રધાન મોદી આજે ગ્રીસની મુલાકાત લીધા બાદ બેંગ્લુરુમાં ઈસરોના વૈજ્ઞાનિકો સાથે મુલાકાત કરી તેમને શુભેચ્છા પાઠવી હતી. આ દરમિયાન વૈજ્ઞાનિકોને સંબોધતા પીએમ મોદીએ કેટલીક મહત્ત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. પીએમએ કહ્યું કે ચંદ્રની જે સપાટી પર ચંદ્રયાન-૩નું વિક્રમ લેન્ડર ઉતર્યું હતું તેનું નામ હવે શિવ શક્તિ હશે. પીએમ મોદીની આ જાહેરાત પર કોંગ્રેસ નેતા રાશિદ અલ્વી ભડક્યાં હતા. તેમણે કહ્યું કે આપણે એ લેન્ડિંગ પોઈન્ટના માલિક નથી કે તેનું નામ રાખી દઈએ. રાશિદ અલ્વીએ કહ્યું કે નરેન્દ્ર મોદીને આ અધિકાર કોણે આપ્યો કે તે ચંદ્રની સપાટીનું નામ રાખે? આ હાસ્યાસ્પદ છે. આ નામકરણ બાદ સમગ્ર વિશ્વ આપણી હાંસી ઉડાડશે. ચંદ્રની એ જગ્યાએ લેન્ડિંગ થઈ તે સારી વાત છે અને તેના પર સૌને ગર્વ છે, તેના પર કોઈને શંકા ન થવી જોઈએ પણ આપણે ચંદ્રના માલિક નથી, એ લેન્ડિંગ પોઈન્ટના માલિક નથી. આવું કરવું ભાજપની ટેવ છે. જ્યારથી તે સત્તામાં આવી છે નામ બદલવાની તેની ટેવ પડી ગઈ છે. જ્યારે રાશિદ અલ્વીને સવાલ કરાયો કે યુપીએ શાસન દરમિયાન જ્યાં ચંદ્રયાન ૧એ લેન્ડિંગ કર્યું હતું તેનું નામ જવાહર પોઈન્ટ રખાયું હતું પણ ભાજપ કહેછે કે પીએમએ આ લેન્ડિંગ પોઈન્ટનું નામ તો અટલ બિહારી વાજપયી કે પોતાના નામે નથી રાખ્યું. તમારી સરકારે જવાહર પોઈન્ટ નામ રાખ્યું હતું. તેના જવાબમાં રાશિદ અલ્વીએ કહ્યું કે જવાહર લાલ નહેરુની તુલના તમે ન કરી શકો. આજે ઈસરો જે કંઈ છે તે પંડિત જવાહરલાલ નહેરુને લીધે છે. ૧૯૬૨માં પંડિત નહેરુ અને વિક્રમ સારાભાઈએ ઈસરોનો પાયો નાખ્યો હતો.








વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગ્રીસના એથેન્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગમન સમયે ગ્રીસના વિદેશ મંત્રી જ્યોર્જ ગેરાપેટ્રિટિસ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું.

### લેન્ડિંગ સાઈટ હવે શિવ શક્તિ તરીકે આળખાશે

## લેન્ડિંગ સાઈટના નામ સામે શિયા મૌલાના નકવીનો વિરોધ

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારત માટે બુધવારનો દિવસ ઈતિહાસમાં નોંધાય ગયો છે કેમકે આ દિવસે ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ થયુ હતું અને આમ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો હતો. આ સિદ્ધિ પર પીએમ મોદીએ આજે જાહેરાત કરી હતી કે જ્યાં ચંદ્રયાન લેન્ડ થયું હતું તે લેન્ડિંગ સાઈટ હવે શિવશક્તિ તરીકે આળખાશે, હવે આ મામલે વિવાદ શરુ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિવશક્તિ નામ રાખવાની જાહેરાત બાદ વિવાદ શરૂ થઈ ગયો છે. લખનઉ સ્થિત શિયા મૌલાના સૈફ અબ્બાસ નકવીએ આ નામને લઈને વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આપણા દેશના વૈજ્ઞાનિકોની મહેનત અને ભારતીય સંશોધન સંસ્થાને મળેલી સફળતા છે તેમજ આ સફળતા દેશની સફળતા છે. તેને આ રીતે કહેવું યોગ્ય નથી. તેનું નામ હિન્દુસ્તાન હોવું જોઈએ. આ સિવાય તેમણે કહ્યું કે વિક્રમ લેન્ડર જ્યાં લેન્ડ થયું તે જગ્યાનું નામ ભારત રાખવું જોઈએ. હિન્દુસ્તાન રાખત, ઈન્ડિયા રાખત, તો તે યોગ્ય હોત. વિદેશ પ્રવાસેથી પરત ફરેલા વડાપ્રધાન મોદી આજે સીધા જ ઈસરોસેન્ટર પહોંચ્યા હતા. તેમણે ચંદ્રયાન મિશન સંબંધિત ત્રણ નામ આપવાની જાહેરાત કરી હતી.

### પૂર્વ ક્રિકેટરે હિટનમેન અંગે અભિપ્રાય આપ્યો

## રોહિત શર્માએ વર્લ્ડ કપમાં સદી ફટકારવી જોઈએ : આકાશ ચોપરા

### સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા – આ પ્રકારની લાગણીનું કારણ છે ગિલ, રોહિત શર્મા અને વિરાટ કોહલી

। નવી મુંબઇ, તા.૨૬ ।

ટીમ ઈન્ડિયાને આવતા મહિને બે મોટી ટૂર્નામેન્ટ રમવાની છે. એશિયા કપ અને વર્લ્ડ કપ તેથી જ ભારતીય ટીમ એશિયા કપ ૨૦૨૩ની તૈયારીમાં વ્યસ્ત છે. આ પછી તરત જ ઓસ્ટ્રેલિયા સામે વનડે શ્રેણી રમવાની છે. વર્લ્ડ કપની પ્રથમ મેચ ૫ ઓક્ટોબરે રમાશે. જેમ જેમ ટૂર્નામેન્ટ નજીક આવી રહ્યો છે, તેમ તેમ ક્રિકેટ રસિયાઓમાં ઉત્સાહ વધતો જાય છે. આ વચ્ચે ભારતીય ટીમના ર્વ ખેલાડી અને કોમેન્ટેટર આકાશ ચોપરાએ રોહિત શર્મા પર પ્રતિક્રિયા આપી છે. ભૂતપૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર આકાશ ચોપરાનું માનવું છે કે, રોહિત શર્માએ વર્લ્ડ કપમાં ભારત માટે સદી ફટકારવી જોઈએ. મળતી માહિતી પ્રમાણે આકાશ ચોપરાએ કહ્યું કે, "જ્યારે આપણે ટોપ ત્રણ ટીમોને જોઈએ છીએ, ત્યારે એવો સવાલ થાય છે કે, આમાંથી કઈ ટીમ બેસ્ટ ટીમ છે? સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા – આ પ્રકારની લાગણીનું કારણ છે શુભમન ગિલ, રોહિત શર્મા અને વિરાટ કોહલી. રોહિતે ૯૮૦૦થી વધુ રન બનાવ્યા છે. તેણે ૩૦ સદી ફટકારી છે. એટલા માટે તમે અનુમાન લગાવી શકો છો કે રોહિત મોટી ઈનિંગ્સ રમી શકે છે. વર્લ્ડ કપનો ઉલ્લેખ કરતા તેણે કહ્યું કે, "જો રોહિત ૯ મેચ રમશે તો તેને ૨ સદી અને તેનાથી પણ મોટી ઈનિંગ્સની અપેક્ષા છે." તેની એવરેજ ૪૯ની નજીક છે અને સ્ટ્રાઈક રેટ ૯૦ની નજીક છે."

### સેનાના જવાનોને સોશિયલ મીડિયાને લઈને કડક સુચના

## ઓનલાઈન ફ્રેન્ડશીપ ન કરવા સીઆરપીએફના જવાનોને સુચના

### યૂનિફોર્મમાં પોતાના વીડિયો કે ફોટો અપલોડ ન કરવા અજાણ્યા લોકો સાથે ઓનલાઈન મિત્રતા ન કરવા સુચના

। નવી દિલ્હી, તા.૨૬ ।

સેનાના જવાનોને સોશિયલ મીડિયાના ઉપયોગને લઈને કડક સૂચના આપવામાં આવી છે. સીઆરપીએફએ પોતાના જવાનોને જાણ્યા-સમજ્યા વગર ઓનલાઈન ફ્રેન્ડશીપ ન કરવા જણાવ્યું છે. આ ઉપરાંત ફોટો અપલોડ કરવામાં પણ સાવધાની રાખવા માટે જણાવ્યું છે કારણ કે, આ રીતે તેમને હનીટ્રેપનો શિકાર બનાવવામાં આવી શકે છે. જારી કરવામાં આવેલા લેટરમાં કહેવામાં આવ્યું છે કે, એવું સામે આવ્યું છે કે, ઘણા જવાનો પોતાના યૂનિફોર્મમાં વીડિયો અને ફોટો અપલોડ કરે છે. આ ઉપરાંત અનેક લોકોને ચેટ મેસેજ પણ મોકલાવે છે. કેન્દ્રીય ગુપ્ત એજન્સીઓએ અલગ-અલગ અર્ધલશ્કરી દળો અને પોલીસ ફોર્સને લેટર જારી કર્યો છે. સીઆરપીએફએ આ બાબતને ગંભીરતાથી લેતા પોતાના જવાનો માટે નિર્દેશ જારી કર્યો છે અને કહ્યું કે, તેઓ યૂનિફોર્મમાં પોતાના વીડિયો કે ફોટો અપલોડ ના કરે અને અજાણ્યા લોકો સાથે ઓનલાઈન મિત્રતા ન કરે. એક સત્તાવાર નોટમાં કહેવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયાને લઈને કડક સૂચના આપવામાં આવે છે કે, યૂનિફોર્મમાં ફોટો અને વીડિયો અપલોડ ના કરવાની સાથે જ યોગ્ય તપાસ કર્યા વગર કોઈને પણ પોતાના ફ્રેન્ડ લિસ્ટમાં સામેલ ન કરવા. જો આ નિર્દેશોનું પાલન કરવામાં નહીં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આવી જ રીતે દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોડાએ પણ લેટર જારી કરીને કહ્યું છે કે, ધકપકડ કરાયેલ વ્યક્તિ અથવા અંડર ટ્રાયલ વ્યક્તિ સાથે સબંધિત કોમેન્ટ સોશિયલ મીડિયા પર પોસ્ટ ન કરવી.આ લેટરમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, જવાન હાઈલી પ્રોટેક્ટેડ વિસ્તારોમાં વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ ના કરે. તેમણે એમ પણ કહ્યું કે, ડ્યૂટી સમયે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરવો અને સોશિયલ મીડિયા પર કોઈ પણ સંવેદનશીલ જાણકારી શેર ન કરવી. આ ઉપરાંત અન્ય અર્ધલશ્કરી દળોને પણ સોશિયલ મીડિયા ગાઈડલાઈન જારી કરી છે અને સરહદ પર તૈનાત જવાનોને રીલ્સ ન બનાવવા માટે જણાવ્યું છે.આઈટીબીપીઅને બીએસએફએ પોતાના જવાનોને કહ્યું છે કે, સરહદ નજીકના વિસ્તારોમાં તેઓ વીડિયો ન બનાવે. આ મામલો દેશની સુરક્ષા સાથે સબંધિત છે.

## વન-ડે વર્લ્ડ કપમાં રોહિત શર્મા સૌથી વધુ રન બનાવશે : સેહવાગ

। નવી દિલ્હી, તા.૨૬ ।

પૂર્વ ભારતીય ઓપનર વિરેન્દ્ર સેહવાગે હાલમાં જ આવનારા વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીનું નામ લઈને મોટી ભવિષ્યવાણી કરી છે. સેહવાગનું કહેવું છે કે ભારતીય હોવાને કારણે તે આ માટે ભારતીય ખેલાડીની પસંદગી કરશે, પરંતુ અહીં તેણે ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનું નામ લીધું નથી. આઈસીસીએ વીરેન્દ્ર સેહવાગનો આ વીડિયો પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો છે. વીરેન્દ્ર સેહવાગે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન વિશે મોટી ભવિષ્યવાણી કરી અને આઈસીસીને કહ્યું, 'મને લાગે છે કે ઘણા ઓપનર રન બનાવશે કારણ કે ભારતની પિચો સારી છે અને ઓપનરોને લાંબા સમય સુધી બેટિંગ કરવાની તક મળશે. મને લાગે છે કે જો મારે કોઈ એકની પસંદગી કરવી હોય તો મને લાગે છે કે તે રોહિત શર્મા હશે. કેટલાક અન્ય નામો પણ છે, પરંતુ હું જાણું છું કે હું ભારતીય છું અને મારે ભારતીય ખેલાડી પસંદ કરવો જોઈએ.

## વરસાદી આફતથી આસપાસના રાજ્યોના અનેક હાઈવે બંધ

। લદાખ, તા.૨૬ ।

હિમાચલ પ્રદેશમાં આવેલી આપત્તિ કેન્દ્રશાસિત પ્રદેશ લેહ લદ્દાખના વિકાસ પર ભારે અસર કરી રહી છે. વાદળ ફાટવા અને ભૂસ્ખલનને કારણે કિરાતપુર મનાલી ફોરલેન મંડી જિલ્લામાં સિક્સ લેઈન સહિત અનેક રસ્તાઓ છેલ્લા ૧૫ દિવસથી બંધ છે. આ કારણે હજારો ટ્રકો રસ્તાઓ પર ફસાઈ ગયા છે. ભારે વરસાદને પગલે રસ્તાઓ બંધ હોવાથી બાંધકામ સામગ્રીના કન્સાઈનમેન્ટ લઈ જતી હજારો ટ્રકો ફસાઈ ગઈ છે. સળીયા, સિમેન્ટ અને બિટ્યુમેનનો સપ્લાય બંધ થવાથી બાંધકામ કંપનીઓની મુશ્કેલી વધી છે. લેહ એરપોર્ટના રનવેનું કામ, તાંગસે અને અઘમથી ચીન સરહદ સુધી બનાવવામાં આવી રહેલા રસ્તાઓ પર ખરાબ અસર પડી છે. આ સિવાય તાંગસેથી ચીન સરહદ સુધી ૨૨ કિલોમીટર લાંબો રસ્તો બનાવવામાં આવી રહ્યો છે. બંને રોડ સિમેન્ટ અને બિટ્યુમેનના બનાવવામાં આવી રહ્યા છે. સળીયા, સિમેન્ટ અને બિટ્યુમેનના કન્સાઈનમેન્ટ લઈને લગભગ ૨૦૦ ટ્રક રોજ લેહ લદ્દાખ જઈ રહ્યા હતા. આ ટ્રકો રસ્તો બંધ હોવાના કારણે ફસાઈ ગયા છે. ફોરલેન બંધ થવાને કારણે મંડી જિલ્લાના મુખ્ય માર્ગો પર કાર્ગો પાર્ક કરવામાં ઘટાડો થયો છે. સુંદરનગર અને અન્ય સ્થળોએ વાહનોને રોકવા માટે ૭૦ પોલીસ કર્મચારીઓને ફરજ પર મૂકવામાં આવ્યા છે. હવે બિલાસપુર ખાતે નાકા લગાવીને માલવાહકોને રોકવામાં આવી રહ્યા છે. ૯ જુલાઈએ બિયાસ નદીમાં આવેલા પૂરને કારણે મનાલીમાં કિરાતપુર મનાલી ફોરલેન ધોવાઈ ગયો હતો. હિમાચલ પ્રદેશમાં આપતિના કારણે પરિવહનનો એક મહિનો વેડફાયો છે. હિમાચલમાં વરસાદે ભારે વિનાશ વેર્યો છે. આ ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટના બની છે ત્યારે આ ભૂસ્ખલનથી અનેક હાઈવે પર અસર જોવા મળી હતી, આ સિવાય અનેક હાઈવે બંધ હોવાથી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે જેના કારણે જરુરી સામગ્રી સમયસર પહોંચી શકી નથી. ચીન સરહદે ચાલતા બાંધકામ પર પણ અસર જોવા મળી હતી. આ ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટના બની છે ત્યારે આ ભૂસ્ખલનથી અનેક હાઈવે પર અસર જોવા મળી હતી, આ સિવાય અનેક હાઈવે બંધ હોવાથી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે જેના કારણે જરુરી સામગ્રી સમયસર પહોંચી શકી નથી. ચીન સરહદે ચાલતા બાંધકામ પર પણ અસર જોવા મળી હતી.

**વિશેષ**

### ડોક્ટર સામે ફરિયાદ કરનારી ભારતીય મહિલા સામે ઓસ્ટ્રેલિયાની સરકારે જ સખ્ત પગલાં લીધા હતા

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય દંપતીને લઈને ઘટના બે બાળકોની કસ્ટડી ગુમાવનારી ભારતીય માતાએ અંતે જીવ આપ્યો

। બેંગલોર, તા.૨૬ ।

એક ચોંકાવનારી ઘટનામાં ઓસ્ટ્રેલિયામાં સેટલ થયેલા એક ભારતીય દંપતીને પોતાના બંને બાળકોની કસ્ટડી ગુમાવવાનો વારો આવતા વ્યથિત માતાએ પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. પ્રિયદર્શિની પાટીલ નામની આ મહિલા મૂળ કર્ણાટકના ધારવાડની વતની હતી, જે પોતાના પતિ સાથે વર્ષો પહેલા સિડની સેટલ થઈ હતી. પ્રિયદર્શિની તેમજ તેનો પતિ બંને આઈટી એન્જિનિયર હતાં, અને પ્રિયદર્શિનીએ ઓસ્ટ્રેલિયામાં જ એક દીકરા અને એક દીકરીને જન્મ આપ્યો હતો. ઓસ્ટ્રેલિયામાં જ જન્મેલા હોવાથી પ્રિયદર્શિનીના બંને બાળકો ત્યાંના સિટીઝન હતા. રિપોર્ટ અનુસાર, આ કપલના ૧૭ વર્ષના દીકરાને કોઈ બીમારી થઈ હતી જેની ટ્રીટમેન્ટ ઓસ્ટ્રેલિયામાં જ ચાલી રહી હતી. જોકે, ટ્રીટમેન્ટથી દીકરાની તબિયતમાં કોઈ સુધારો થવાના બદલે તેની તબિયત વધુ ખરાબ થતાં પ્રિયદર્શિનીએ ડોક્ટર સામે કેસ કર્યો હતો. પરંતુ ડોક્ટર સામે ફરિયાદ કરનારી ભારતીય મહિલા સામે ઓસ્ટ્રેલિયાની સરકારે જ સખ્ત પગલાં લેતા તેના પર બાળકોની યોગ્ય સંભાળ ના રાખવાનો આરોપ મૂક્યો હતો. એટલું જ નહીં, કાયદાનો હવાલો આપીને





સરકાર દ્વારા પ્રિયદર્શિની પાસેથી તેના બંને બાળકોની કસ્ટડી પણ છીનવી લેવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાની સરકારે બંને બાળકોને પોતાનાથી અલગ કરતી દેતાં પ્રિયદર્શિની ખૂબ જ વ્યથિત થઈ ગઈ હતી, અને તેણે બાળકોને ઈન્ડિયા પરત લાવવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા. જોકે, નિયમો અનુસાર જે બાળકોની કસ્ટડી સરકાર પાસે હોય તેમને ઓસ્ટ્રેલિયાની બહાર મોકલવમાં નથી આવતા. પોતાના કોઈ પ્રયાસ સફળ ના થતાં આખરે પ્રિયદર્શિની ૧૮ ઓગસ્ટના રોજ ઈન્ડિયા રિટર્ન થઈ હતી, તેણે બેંગલોરથી ધારવાડ જવા માટે બસની ટિકિટ બુક કરાવી હતી પરંતુ તે આ બસમાં બેઠી જ નહોતી. ઓસ્ટ્રેલિયાથી બેંગલોર લેન્ડ થયેલી પ્રિયદર્શિનીએ ધારવાડ પહોંચવાના બદલે હુબલીની બસ લીધી હતી અને ત્યાં જઈને તે એક કુરિયરવાળાને ત્યાં ગઈ હતી. ત્યાં તેણે પોતાની પાસે જે કંઈ કેશ તેમજ જ્વલેરી હતી તે પોતાના માતા-પિતાના એડ્રેસ પર મોકલાવી દીધી હતી અને સાથે જ એક લેટર પણ લખ્યો હતો. આ જ કુરિયરવાળાને પ્રિયદર્શિનીએ પોતે બેલગાવી જઈ રહી છે તેવું જણાવ્યું હતું, અને પોતાની વસ્તુઓ સહી-સલામત પહોંચાડી દેવા માટે પણ કહ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રિયદર્શિનીએ જે લેટર લખ્યો હતો તેમાં તેણે બાળકોની કસ્ટડી છિનવાઈ જતાં પોતે માનસિક રીતે તૂટી ગઈ હોવાની વ્યથા ઠાલવી હતી. બીજી તરફ, ઓસ્ટ્રેલિયાથી એકલી જ ૧૮ ઓગસ્ટે ઈન્ડિયા આવવા નીકળેલી પ્રિયદર્શિની ઘરે ના પહોંચતા તેના માતા-પિતાએ પોલીસમાં તેના ગુમ થયાની ફરિયાદ કરી હતી. ઓસ્ટ્રેલિયાથી ઈન્ડિયા પહોંચેલી આ મહિલા શંકાસ્પદ સંજોગોમાં ગુમ થતાં પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે તે હુબલીથી મુનાવ્લી નામના સ્થળે પહોંચી હતી અને ત્યાંથી જ નદીમાંથી તેની બોડી પોલીસને મળી આવી હતી. પ્રિયદર્શિની પોતાના બંને બાળકોના પાસપોર્ટ પણ સાથે લાવી હતી, જેથી તે બંને ઈન્ડિયા આવી શકે તેમ નહોતા. આ ઘટનાની જાણ થતાં મહિલાનો પતિ ઓસ્ટ્રેલિયાથી ઈન્ડિયા આવ્યો ત્યારબાદ પ્રિયદર્શિનીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પ્રિયદર્શિનીના સંબંધીઓનું માનીએ તો તેને અને તેના પતિને ઈન્ડિયામાં સારી જોબની ઓફર હતી અને તેઓ ઓસ્ટ્રેલિયા છોડી પોતાના દેશ પાછા આવવાની તૈયારીમાં હતા, પરંતુ તે પહેલા જ તેમના બંને બાળકોની કસ્ટડી તેમનાથી છિનવાઈ ગઈ હતી અને તેના કારણે ભાંગી પડેલી પ્રિયદર્શિનીએ અંતિમ પગલું ભરી લેતા હાલ તો આખોય પરિવાર વિખેરાઈ ગયો છે.

### રાજ્યમાં સરેરાશ ૨૮ ઈંચ સાથે મોસમનો ૮૦ ટકા વરસાદ

# ઓગસ્ટ કોરો, સપ્ટેમ્બરમાં વરસાદ નહીં પડે તો પાણીની તંગીનાં એંધાણ

। અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યમાં અત્યારસુધી સરેરાશ ૨૮ ઈંચ સાથે મોસમનો ૮૦ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્ય માટે ઓગસ્ટ મહિનો હજુ સુધી સામાન્ય રહ્યો છે અને જેમાં અત્યારસુધી સરેરાશ પોણો ઈંચ વરસાદ પણ પડ્યો નથી. આ તરફ હવામાન વિભાગે સાથે જ જણાવ્યું કે, જૂન જુલાઈમાં વરસાદ સારો રહ્યો છે. જેના કારણે પાણીની અછત જોવા મળી રહી નથી. પરંતુ ખેડૂતોને પિયત માટે જોઈતા વરસાદી પાણીમાં ઘટ જોવા મળી છે. ઓગસ્ટ કોરો ગયો પણ જો સપ્ટેમ્બરમાં વરસાદ નહીં થાય તો પાણીની ભયંકર તંગી સર્જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. રાજ્યમાં ૨૫ ઓગસ્ટ સુધીમાં ૨૮ ઈંચ સાથે ૮૧ ટકા વરસાદ થયો છે. પરંતુ હજુ વરસાદની ઘટ સાલી રહી છે. બિપરજોય વાવાઝોડા બાદ વરસાદે રાજ્યને ધમરોળવાનું શરૂ કર્યું હતું અને કાયમ કોરા ધાકોર રહેતા કચ્છમાં જળબંબાકારની સ્થિતિ સર્જી નાંખી હતી. સૌરાષ્ટ્રમાં પણ વરસાદે સદી ફટકારી છે. સૌરાષ્ટ્રમાં ગઈકાલ સુધીમાં ૧૧૦ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૭૩.૩૦ ટકા વરસાદ થયો છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની ખોટ વર્તાઈ છે. ઉત્તર ગુજરાતમાં ૬૭.૭૧ અને મધ્ય ગુજરાતમાં ૬૫.૯૫ ટકા જ વરસાદ થયો છે. જો હજુ વરસાદ ખેંચાશે તો ખેડૂતોની હાલત કફોડી થશે. રાજ્યના જળાશયોમાં પુરતો પાણીનો જથ્થો છે પણ પીવાના પાણીને બાદ કરતાં સિંચાઈ માટે



કેટલું પાણી મળશે એ તો સરકાર જ નક્કી કરશે. રાજ્યના ડેમમાં પાણીના જથ્થાની વાત કરીએ તો ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૧૧, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૯.૧૭, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૭.૯૬, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૪.૧૨ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૩.૬૩ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવરની વાત કરીએ તો હાલ ડેમમાં ૭૯.૪૭ ટકા પાણીનો જથ્થો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૭૫.૯૭ ટકા પાણીનો જથ્થો છે. ઓગસ્ટમાં વરસાદ ખેંચાયો હોવા છતાં ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૯૩ જળાશયો હાઈ એલર્ટ પર છે. જ્યારે ૮૦ ટકાથી વધુ ભરાયેલા ૨૬ જળાશયો એલર્ટ પર છે. તે ઉપરાંત ૭૦ ટકાથી વધુ ભરાયેલા ૧૪ જળાશયો વોર્નિંગ પર છે. જ્યારે ૭૩ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછું પાણી છે. રાજ્યમાં ઓગસ્ટ મહિનો આખો કોરો ગયો છે. માત્ર છુટા છવાયા ઝાપટા પડી રહ્યાં છે. પરંતુ વરસાદની આગાહી અંગે સ્થાનિક હવામાન વિભાગ દ્વારા કોઈ આગાહી કરવામાં આવી નથી. બીજી તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે મીડિયાને જણાવ્યું કે, હાલ રાજ્યમાં સારા વરસાદની શક્યતા નહીવત છે. ૨૭થી ૩૦ ઓગસ્ટ દરમિયાન દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટાં પડશે.સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સારા વરસાદની શક્યતા છે. ૧૩ સપ્ટેમ્બરે ઉનાળાનો અહેસાસ થાય તેવી ગરમી પડશે. ૨૫ ઓક્ટોબર સુધી ગરમી રહેવાની શક્યતા છે. ગુજરાતમાં જૂન અને જુલાઈ મહિનામાં શ્રીકાર વરસાદ વરસ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## યુટ્યૂબે નવું ફીચર લાઈવ લિરિક્સ ફીચર શરુ કર્યું

। અમદાવાદ, તા.૨૬ ।

યુટ્યુબ મ્યુઝિકે હવે ફાઈનલી તેના મ્યુઝિક ચાહકો માટે ગ્લોબલ લેવલ પર એન્ડ્રોઈડ અને આઈઓએસ પર લાઈવ લિરિક્સ ફીચર શરુ કરી રહ્યુ છે. જો કે આ લાઈવ લિરિક્સ એપલના મ્યુઝિકમાં પહેલાથી જ આપ વામાં આવે છે. પરંતુ હવે યુટ્યુબ મ્યુઝિકનો ઉપયોગ કરનારા લોકોને આ પણ તેનો લાભ મળશે. જ્યારે ગીત આગળની લાઈનમાં જશે ત્યારે પેજ રિફ્રેસ થઈ જશે અને આગળ વધી જશે ૯ થી ૫ ગુગલના રિપોર્ટ પ્રમાણે નાઉ પ્લેઈંગમાં રહેલા લિરિક્સ ટેબમાં એક નવી ડિઝાઈન અને વિશેષ ટેક્સ્ટ સાથે અપગ્રેડ કરવામાં આવી છે. જેમા વધારે અંતર જોવા મળે છે. જ્યારે ગીત આગળની લાઈનમાં જશે ત્યારે પેજ રિફ્રેસ થઈ જશે અને આગળ વધી જશે. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે બેકગ્રાઉન્ડમાં બ્લર કવર આર્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને યુટ્યુબ મ્યુઝિક સોન્ગ શરુ થતા પહેલા ઓડિયો સુચવવા માટે નોંધનો ઉપયોગ કરવામાં આવે છે. એન્ડ્રોઈડ વર્ઝન ૬.૧૫ અને આઈઓએસ ૬.૧૬ માટે યુટ્યુબ મ્યુઝિક પર લાઈવ લિરિક્સ જાહેર કર્યાના કેટલાય રિપોર્ટ છે.

### જયપુર-મુંબઈ એક્સપ્રેસમાં જવાનનો હત્યાકાંડ કેસ


## કોન્સ્ટેબલ ચેતન સિંહની નાર્કો ટેસ્ટની માગની અરજી ફગાવાઈ

### આરોપીએ આવા ટેસ્ટ કરાવવાનો ઇનકાર કર્યો છે, ચૂપ રહેવું મૂળભૂત અધિકાર, દબાણ કરી શકીએ નહીઃ કોર્ટ

। અમદાવાદ, તા.૨૬ ।

ગયા મહિને ૩૧ જુલાઈના રોજ રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના કોન્સ્ટેબલ ચેતન સિંહે જયપુર મુંબઈ એક્સપ્રેસમાં તેના એક સીનીયર અધિકારી સહિત ચાર લોકોની ગોળી મારીને હત્યા કરી હતી. ફરિયાદી પક્ષે માંગ કરી હતી કે આરોપીના બ્રેઈન મેપિંગ અને નાર્કો ટેસ્ટની મંજુરી આપવામાં આવે. મુંબઈની બોરીવલી મેજિસ્ટ્રેટ કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું, 'આરોપીએ આવા ટેસ્ટ કરાવવાનો ઈનકાર કર્યો છે, ચૂપ રહેવું તેનો મૂળભૂત અધિકાર છે, અમે તેને દબાણ કરી શકીએ નહીં.' માર્યા ગયેલા લોકોના પરિવારજનોની સંમતિ બાદ ફરિયાદ પક્ષે કોર્ટમાં અપીલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે, આરોપીનો નાર્કો ટેસ્ટ, બ્રેઈન મેપિંગ અને પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી આપવામાં આવે કારણ કે વ્યક્તિનો ગુનો અત્યંત ગંભીર શ્રેણીનો છે. કેસની સુનાવણી કરી રહેલા મેજિસ્ટ્રેટે કહ્યું કે, મને તપાસ અધિકારી દ્વારા કહેવામાં આવ્યું હતું કે જ્યારે આરોપીને પોલીસ કસ્ટડીમાં નાર્કો ટેસ્ટ કરાવવા માટે કહેવામાં આવ્યું ત્યારે તે ટેસ્ટ માટે રાજી થઈ ગયો પરંતુ કોર્ટની સામે તેણે ટેસ્ટ માટે ઈક્રાર કરી દીધો. કોર્ટે કહ્યું કે, 'આરોપીએ સ્વાસ્થ્યનું કારણ આપીને ટેસ્ટ માટે ના પાડી હતી. આરોપી આવો ટેસ્ટ કરાવવા માંગતો ન હોવાથી અમે તેને દબાણ કરી શકીએ નહીં.' મુસાફરોની સુરક્ષા માટે એક આરપીએફ જવાન ચેતન સિંહ તેના સાથીદારો સાથે ટ્રેનમાં તૈનાત હતો. જ્યાં નાદુરસ્ત તબિયતના કારણે તેણે તેની સાથે રહેલા એએસઆઈપ ાસે રજા માંગી હતી, પરંતુ ASIએ રજા આપવાનો ઈક્રાર કરી દીધો હતો. આ પછી, આરોપીએ સવારે લગભગ પાંચ વાગ્યે તેના સીનીયર અધિકારીની ગોળી મારીને હત્યા કરી. તે પછી, આરોપી બે અલગ અલગ કોચમાં ગયો અને લઘુમતી સમુદાયના ત્રણ લોકોને શોધીને ગોળી મારી હત્યા કરી હતી અને ત્યાર બાદ લઘુમતી સમુદાય વિરુદ્ધ નફરતભર્યું ભાષણ આપતા મોદી અને યોગીને વોટ આપવાની અપીલ કરી હતી.

## આતંકવાદી નેટવર્ક ઊભું કરવાના સંદર્ભે મહિલા-આતંકી ઝડપાયા



। જમ્મુ, તા.૨૬ ।

સુરક્ષા દળોએ ઉત્તર કાશ્મીરના બાંદીપોરામાં શંકાસ્પદ હિલચાલ ધ્યાનમાં લીધા બાદ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ વિસ્તારમાં આતંકવાદી નેટવર્ક તૈયાર થાય તે પહેલા જ તેણે તેનો પર્દાફાશ કર્યો હતો. તે જ સમયે, આ કેસમાં એક આતંકવાદી અને એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરમાં તૈનાત સુરક્ષા દળોએ આતંકવાદી નેટવર્ક બનાવવાના કાવતરામાં સામેલ સ્થાનિક આતંકવાદી અને માર્યા ગયેલા આતંકવાદીની પત્ની મુનીરા બેગમની ધરપકડ કરી છે. સુરક્ષા દળોએ હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો છે. આ બંને પાકિસ્તાનમાં છુપાયેલા આતંકી કમાન્ડર મુસ્તાક મીરના સંપર્કમાં હતા. મીરે પોતે હથિયાર અને પૈસા મોકલ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસને તેમની સિસ્ટમથી જાણ થઈ હતી કે બાંદીપોરામાં એક નવું આતંકવાદી નેટવર્ક તૈયાર થઈ રહ્યું છે.આ ષડયંત્રમાં સામેલ એક સ્થાનિક આતંકવાદી દરદગુંડ પેઠકૂટ વિસ્તારમાં આવવાનો છે. તેના આધારે પોલીસે આર્મી અને સીઆરપીએફના જવાનો સાથે મળીને ગઈકાલની રાત્રે કેટલીક ઓળખિત જગ્યાઓ પર નાકાબંધી કરી હતી. એક નાકા પાર્ટીએ એક શંકાસ્પદ વ્યક્તિને દરદગુંડની સીમમાં આવતા જોયો.

### અમદાવાદ ફાયર વિભાગમાં નોકરીનું કૌભાંડ

## બોગસ સ્પોન્શરશિપથી નોકરી મેળવનારા તમામ ફાયર વિભાગના આઠને નોટિસ

### બે ડીવીઝનલ ઓફિસર, ૫ સ્ટેશન ઓફિસર, એક સબ ઓફિસરને ૭ દિવસમાં નોટિસનો જવાબ આપવા આદેશ

। અમદાવાદ, તા.૨૬ ।

ફાયર વિભાગમાં પણ બોગસ સ્પોન્સરશીપના આધારે કેટલાક અધિકારીઓએ નોકરી મેળવી હોવાનું બહાર આવતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ તમામ અધિકારીઓ સામે વિજિલન્સ તપાસ શરુ કરવામા આવી હતી. દરમિયાન વિજિલન્સ તપાસ ચાલતી હોવાથી કેટલાક અધિકારીઓના પ્રોબેશન પિરીયડમાં વધારો કરવાનો પણ નિર્ણય મ્યુનિ.તંત્ર તરફથી કરવામા આવતો હતો.બોગસ સ્પોન્સરશીપ લેટરના આધારે અમદાવાદ ફાયર વિભાગમાં નોકરી મેળવનારા આઠ અધિકારીઓને મ્યુનિ.તંત્રે શો-કોઝ નોટિસ ફટકારી છે.બે ડીવીઝનલ ઓફિસર ઉપરાંત પાંચ સ્ટેશન ઓફિસર તથા એક સબ ઓફિસરને સાત દિવસમાં નોટિસનો જવાબ કરવા આદેશ કરાયો છે. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર જયેશ ખડીયાના કહેવા મુજબ,શુક્રવારે અમદાવાદ ફાયર વિભાગમાં ડીવીઝનલ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા ઈનાયત શેખ ઉપરાંત ઓમ જાડેજાની સાથે સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા શુભમ ખડીયા, અભિજિત ગઢવી, સુધીર ગઢવી, અનિરુધ્ધસિંહ ગઢવી અને મેહુલ ગઢવી તેમજ સબ ઓફિસર આસિફ શેખ ઞ પૈકી મોટાભાગના અધિકારીઓને શો-કોઝ નોટિસ બજાવાઈ ગઈ છે. એક-બે અધિકારી મળ્યા નહી હોવાથી આજે શનિવારે શો-કોઝ નોટિસ બજાવાશે. બોગસ સ્પોન્સર શીપના આધારે ફાયર વિભાગમાં નોકરી મેળવનારા અધિકારીઓ વગ ધરાવતા હોવાથી સાત દિવસમાં શો-કોઝ નોટિસનો જવાબ નહી આપે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શું નિર્ણય કરે છે એ જોવાનું રહેશે. અમદાવાદ ફાયર વિભાગમાં સ્ટેશન ઓફિસર તરીકે એક સમયે ફરજ બજાવતા અભિજિત ગઢવીની સરકારમાં રીજીયનલ ફાયર ઓફિસર તરીકે નિમણૂંકથતા તેમણે ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને પોતાનુ રાજીનામું આપ્યું હતું. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરના કહેવા મુજબ,અભિજિત ગઢવીનું રાજીનામું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મંજુર કર્યુ નથી. મ્યુનિ.તંત્રે અભિજિત ગઢવીને પણ અમદાવાદ ફાયર વિભાગમાં બોગસ સ્પોન્સરશીપના આધારે નોકરી મેળવવા બદલ શો-કોઝ નોટિસ આપી છે.

PREMIUM INTERNATIONAL HOLIDAYS
DIWALI SPECIAL TURKEY WITH ANTALYA 8 Nights / 9 Days
SPECIAL BALI Janmashtami Special Dep. 06 Sept 6 Nights / 7 Days
SINGAPORE - MALAYSIA & THAILAND 11 Nights / 12 Days
EXPLORE EUROPE 8 Nights / 9 Days
SPECIAL DOMESTIC HOLIDAYS
KERALA 6 Nights / 7 Days
GOA 3 Nights / 4 Days
Call us on: +91 74860 43053, +91 77780 45356
100% Customized Tours Available
Zero Complain | 24x7 Call Assistant Available
IATA Sparkle Holidays
Head Office : Satellite
Branch Office : Maninagar
Call : 8880 299 299

### ચંદ્રયાન-3એ મોદીનો પબ્લિસિટી સ્ટંટ છે : ફેફર

## દેશના પીએમ નરેન્દ્ર મોદીની ટીકા બદલ રમેશ ફેફરની અટકાયત

### હિન્દુ ધર્મના તમામ મંદિરો પેટ ભરવાના સાધન છે, શા માટે દાન પેટી પ્રથમ આવે છે અને ત્યાર બાદ મૂર્તિના દર્શન થાય છે

। રાજકોટ, તા.૨૬ ।

રાજકોટમાં પૂર્વ સરકારી કર્મચારી અને પ ોતાને કલ્કી અવતાર ગણાવતા રમેશચંદ્ર એચ. ફેફરે ફરી એક નવો બફાટ કર્યો છે. તેમણે ચંદ્રયાન-૩ને મોદીનો પબ્લિસીટી સ્ટંટ ગણાવતા રાજકોટ પોલીસે તેમની અટકાયત કરી હતી. આ વખતે તેમણે વિવાદિત ધાર્મિક ટિપ્પણી કરી છે. રમેશ ફેફરે કહ્યું કે, હિન્દુ ધર્મના તમામ મંદિરો પેટ ભરવાના સાધન છે. શા માટે દાન પેટી પ્રથમ આવે છે અને ત્યાર બાદ મૂર્તિના દર્શન થાય છે? આગામી ૭ વર્ષમાં હું બ્રાહ્મણ, ક્ષત્રિય અને વ્યાપારીઓને હાર્ટ એટેકથી મારી નાખીશ. આ સિવાય તેમણે કહ્યું કે, ત્રેતાયુગમાં બ્રાહ્મણો અધર્મી થતા ભગવાન રામે ક્ષત્રિયના ઘરે જન્મ લીધો. દયાંદન સરસ્વતી પણ રાક્ષસ હતો. કળિયુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વેપારીઓ ભ્રષ્ટ થયા છે. શેરીની સફાઈ કરનારા જ શ્રેષ્ઠ છે. વિષ્ણુ ભગવાનનો ૯મો અવતાર ઈશુ ખ્રિસ્ત હતા પરંતુ ૯મો અવતાર ભગવાન બુધ્ધ નહોતા. હું વિષ્ણુ ભગવાનનો દસમો અવતાર છું. સોનિયા ગાંધી ત્રીજટાનો અવતાર છે.

### કેરળની એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિની સુપ્રીમમાં અરજી

## ટ્રાન્સઝેન્ડરને નોકરી-શિક્ષણમાં અનામત : કેન્દ્ર-રાજ્યોને નોટિસ

। અમદાવાદ, તા.૨૬ ।

કેરળની એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિએ ટ્રાન્સજેન્ડર લોકો માટે જાહેર નોકરી અને શિક્ષણમાં અનામતની માંગ કરતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરતા કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસેથી જવાબ માંગ્યો છે. જાહેર શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે અનામતની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ પાઠવી છે. કેરળની એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરતી વખતે સીજેઆઈ ડીવાયચંદ્રચુડ, જસ્ટિસ જેબી પ ારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ માંગ્યો હતો. સમાન અરજીના જવાબમાં, કેન્દ્ર સરકારે અગાઉ કહ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓ અથવા નોકરીઓમાં હાલની અનામતનો લાભ મેળવી શકાય છે. જો કે કોઈ નવી અનામત આપવામાં આવી રહી નથી. કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના સચિવે એક એફિડેવિટ દાખલ કરી હતી જેમાં જણાવ્યું હતું કે એસસી/એસટી/એસઈબીસીસમુદાયના લોકો પહેલાથી જ આરક્ષણ માટે હકદાર છે. આ સિવાય ૮ લાખ રૂપિયાની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા અન્ય કેટેગરીના ટ્રાન્સજેન્ડરોને પણ ઈડબલ્યુએસકેટેગરી હેઠળના આરક્ષણમાં સામેલ કરવામાં આવ્યા છે. સીજેઆઈચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે કેન્દ્ર અને રાજ્ય સરકારોને પૂછ્યું કે શું બંધારણની કલમ ૧૪, ૧૯ અને ૨૧ હેઠળ ટ્રાન્સજેન્ડર્સને અનામત ન આપવું જોઈએ? આ અરજી સુબી કેસી નામના ટ્રાન્સજેન્ડર વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે ટ્રાન્સજેન્ડરોને પણ સરકારી નોકરીઓમાં અનામત આપવામાં આવે. અરજી કરનાર સુબીએ ઘણા ઉદાહરણો આપતા જણાવ્યું કે ટ્રાન્સજેન્ડરો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્તરે સમાજમાં પછાત છે તેમજ હિતમાં વહેલી તકે નિર્ણય લેવામાં આવે. આ ઉપરાંત તેમણે સુપ્રીમ કોર્ટના નાલસા અને ભારત સરકારના ૨૦૧૪ના ચુકાદાનો ઉલ્લેખ કરતા કહ્યું કે સરકારોએ તેનો આદર કર્યો નથી, જ્યારે ચુકાદામાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને પ છાત વર્ગમાં રાખવા માટે કહેવામાં આવ્યું હતું.

NATIONAL & INTERNATIONAL BRANDS
જનતાની ભારે ડિમાન્ડ પર...
બ્રાન્ડેડ ગાર્મેન્ટ્સ અને બ્રાન્ડેડ શૂઝ સાવ ઓછી કિંમતે અધધ ડિસ્કાઉન્ટ પર
સેલ ફક્ત 2 દિવસ માટેજ | 05, & 06 AUG'23
ARROW | PARK AVENUE | Pepe Jeans | U.S. POLO ASSN. | ColorPlus | FLYING MACHINE | VERO MODA | ONLY
1000/- થી 5000/- સુધી વેચાતા નેશનલ ઇન્ટરનેશનલ ગાર્મેન્ટ્સ માત્ર 200/- થી 800/- રૂ.માં
Branded Footwear:- adidas | PUMA
3000/- થી 15000/- સુધીના સ્પોર્ટ્સ શૂઝ અને ચપ્પલ માત્ર 500/- થી 3000/- માં
પ્રીમિયમ પાર્ટીવેર : 2000/- થી 5000/- સુધી વેચાતા લેડીઝ ટોપ, જીન્સ, શોર્ટ્સ, કુર્તી (L-5XL) હવે ખરીદો માત્ર 200/- થી 700/- રૂપિયામાં
VIP કાઉન્ટર : પ્રીમિયમ મેન્સ, વુમેન્સ અને કિડ્સ ગાર્મેન્ટ્સ, 2500/- થી 8000/- સુધી વેચાતા હવે ખરીદો માત્ર 800/- થી 1200/- રૂપિયામાં
Men's Jeans Size availiable: 30-48
પ્રીમિયમ બ્લેઝર : 3000/- થી 10000/- સુધી વેચાતા જેન્ટ્સ બ્લેઝર માત્ર 1500/- રૂપિયામાં
Raymond MRP 2000/- સુધીના રેમન્ડ ડબલ બેડશીટ માત્ર...1000/- માં
સેલ છેલ્લા 2 દિવસ; શનિ અને રવિવાર
સ્થળ: સિન્ધુભવન હોલ
આમ બાગાનની સામે, સિન્ધુ ભવન રોડ, બોડકદેવ, અમદાવાદ
FREE ENTRY | TIME: 10 am- 10 pm | Org by: RAO Enterpraises | FREE PARKING

GRAND OPENING

GAJANAND RETAIL | masala & more
13th એક્સક્લુસિવ બ્રાન્ડ સ્ટોર | 200+ પ્રોડક્ટ્સ
06.08.2023 રવિવાર
સવારે 10 થી આપના આગમન સુધી
સાઉથ બોપલ
સ્પેશ્યલ મુહૂર્ત ડિસ્કાઉન્ટ ઓફર મર્યાદિત સમય માટે
G-4, કવીસા અર્બનીયા, ફ્લોરા એક્સોરાની પાછળ, મેરીગોલ્ડની પાસે, સાઉથ બોપલ, અમદાવાદ, ગુજરાત - 380 058.
ફ્રેન્ચાઈઝ એસોસિયેટ : આકાશ પટેલ 98751 76590
એક્સપોર્ટ ક્વૉલિટી પ્રોડક્ટ્સ
પ્રીમિયમ મસાલા | સોર્ટેક્સ ક્લીન આખા મસાલા | પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા | કાબુલી સ્ટ્રોંગ હીંગ | અચાર મસાલા
છૂંદો અને ગોળકેરી અથાણું | તેજાના | ઈન્સ્ટન્ટ મિક્સ | આસામની પ્રીમિયમ ચા | ગપાટા સપાટા રેડી-ટુ-ફ્રાય
ફરાળી પ્રોડક્ટ્સ | મુખવાસ | હેલ્થી સીડ્સ | ડ્રાયફ્રુટ | નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું
Gajanand Foods Pvt. Ltd. | Franchise Inquiry: Mo.: 90237 28405 | franchise@gajanand.com | www.gajanand.com
આપના મનપસંદ ગજાનંદ મસાલા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના દરેક જાણીતા પ્રોવિઝન સ્ટોર્સ પર ઉપલબ્ધ

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત | દૈનિક સમાચાર પત્ર


ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨